# અધ્યાત્મ

વર્ષ : ૧૦ એપ્રિલ-૧૯૮૯ અંક : ૭



## * સદ્ભાવભરી ભેટ *

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. માશ્રી સર્વેશ્વરી-ની કૃપાથી અધ્યાત્મના વાંચકો તરફથી સદ્ભાવ ભરી ભેટની પુનિત ગંગા વહેતી રહે છે. આ એક આશ્ચર્ય પમાડે એવી ઘટના અમને લાગે છે. વાંચકો પણ અમારી એ લાગણી સાથે સંમત થશે.

છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:–

રૂા.

૧૫૦ શ્રી ગોરધનભાઇ રણછોડભાઈ હીંસુ, ખોરાસાગીર.
૪૨૫ ,, મનહરભાઇ ગોવિંદજી ભકત, અમેરિકા.
૪૨૫ ,, શાન્તાબેન ભીખુભાઈ ભક્ત, અમેરિકા.
૪૨૫ ,, દયારામભાઇ મકનજી ભકત, અમેરિકા. શ્રી મોહન-ભાઇ ભકતના સફળ ઓપરેશન બદલ.
૧૫૧ ,, એક સાધક તરફથી.
૧૦૧ ,, કુંદનબેન વિજયસિંહ રાણા વડોદરા, કામારપુકરની સફળ યાત્રા બદલ.
૧૦૧ ,, ભોગીલાલ ભગતના સ્મરણાર્થે શ્રી મહાલતાબેન તરફથી.
૧૦૧ ,, વાસંતીબેન ભકત, વાઘણદેવી.
૧૦૧ ,, હેમલતાબેન કણિયા, સુરત.
૫૧ ,, મધુસૂદન પોપટ, મોરબી.
૫૦ ,, ધનજીભાઇ રણછોડ, ખોરાસાગીર.
૫૦–૨૫ શ્રી માધાભાઈ લાખાભાઈ ભકત, નેત્રંગ.
૨૧ શ્રી હરિવદન એમ. તલાટી, ડાકોર.
૧૦ ,, કૃષ્ણકાંત બી. પરીખ, કાંદીવલી.
૧૧ ,, રાજેન્દ્રભાઈ ભટ્ટ વડોદરા.
૫૧ ,, શાન્તિભાઈ કનેરિયા, રાજકોટ.



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી

## ❊ બલિહારી ❊

યોગેશ્વર ચરણની બલિહારી,
એની વાત ખરેખર છે ન્યારી...

જીવન ઘડતરની એ શાળા,
તોડે બંધનનાં તાળાં...

પ્રગટ પ્રભુની શીતળ છાયા,
છોડાવે ઝંઝટ માયા...

ગુરુગોવિંદ તણા સથવારે,
મુક્તિ મળે મંગલ દ્વારે...

પ્રભુ પ્રેમની પુનિત પરબડી,
પામી કાયા ધન્ય બની...

સંગ સ્વર્ગસુખ દૈવી આપે,
અજ્ઞાન તિમિરને કાપે...

મા સર્વેશ્વરી
( " અર્ધ્ય " માંથી )

— ❊ —

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૭ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
તંત્રી-સંપાદક : શ્રી નારાયણ હ. જાની.
સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૫૮૧૧
મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રીયોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| મુંબઈમાં પૂ. માના સાન્નિધ્યની શિબિર | તંત્રી | ૯ |
| પુષ્પ જીવન | રતિલાલ ભાત્રસાર | ૧૨ |
| આવ્યા વિના ચાલશે ના | ભાઇલાલભાઇ છાટબાર | ૧૩ |
| સંત પુનિત મહારાજની જીવન ઝરમર | કનૈયાલાલ ઝિંઝુવાડીયા | ૧૭ |
| શ્રી રમણ-મહર્ષિના ભકતો | યોગેશ્વરજી | ૨૫ |
| સંત દર્શન | પંડિત જગન્નાથ પ્રભાશંકર | ૨૭ |
| દિવ્ય અવસર | કલ્યાણ | ૩૧ |
| પૂ શ્રી મોટા-પ્રેરક પ્રસંગો | કાંતિલાલ જ. પટેલ | ૩૭ |
| સુખદુઃખનો દાતા | જીતેન્દ્ર પંડ્યા | ૪૫ |
| શ્રી રામકૃષ્ણ કથામૃત | શ્રી માસ્ટર મહાશય | ૫૩ |
| આચમન | જ્યોત્સ્ના ત્રિવેદી | ૫૯ |
| રામકથા | શ્રીયોગેશ્વરજી | ૬૩ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ એપ્રિલ-૧૯૮૯ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

–મા શ્રી સર્વેશ્વરી

ભાદરવા સુદ ત્રીજ ૨૦૩૬ ૧૨-૯-૧૯૮૦ શુક્રવાર
સ્થળ : સરદારનગર, ભાવનગર.

આજે પણ પ્રભુનાં મંગલ દ્વારે અમદાવાદનાં શ્રી બાબુ-ભાઇ વોરા, કુસુમબેન, રંજનબેન વડોદરાથી શ્રી જીતુભાઇ ગાંધીની સાથે નારાયણભાઇ સાડા આઠે આવીને ઊભા છે. હમણાં જ દ્વાર ઉઘડશે ને દર્શન થશે. વાતો થશે એ આતુરતા સહુના મુખ પર છે.

આ મંદિરમાં જીવંત પ્રભુ બિરાજે છે, જેથી ભકતો વાતો પણ કરી શકે છે. અહીં એકમાર્ગીય વ્યવહાર નથી. ભકતો પૂછે છે, પ્રભુ જવાબ આપે છે. ભકતો પ્રેમ અર્પે છે પ્રભુ પ્રેમ ગ્રહણ કરી ભકતોને પ્રેમમાં પાગલ કરી શકે છે.

નવ વાગ્યા બાદ પ્રભુ પોતે પોતાની જનનીની સેવામાંથી નિવૃત્ત થઇ બહાર આવે છે. વીતેલી રાત્રિની વાતો કરે છે. થોડીવાર બાદ ભકતો પ્રભુના પરમભાગ્યશાળી જનનીનાં

દર્શને અંદર આવે છે, ત્યાં પ્રણામ આદિ થાય છે. વળી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની વાતો થાય છે, પ્રભુ પોતે મુખ્ય ટ્રસ્ટી છે, જેથી શું શું થઈ શકે તેની ભકતોને સમજ આપે છે.

ડોકટરની અવરજવર શરૂ થઇ છે. જ્યોતિર્મયી માતાજીને હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ અપાય છે. ભકતો થોડી-વાર બેસીને વિદાય થાય છે.

દરરોજના ક્રમ પ્રમાણે માતાજી લગભગ સાડા દશે કુદ-રતી હાજતે જવાની ઇચ્છા બતાવે છે. અશક્તિ ઘણી છે તેથી એ ક્રિયા છેલ્લા થોડા દિવસથી રૂમમાં જ કરાવવી પડે છે. ત્યારબાદ તેની સફાઇનું કામ ગુરુદેવ પ્રભુ પાસેથી મેં વિનંતી કરીને માંગી લીધું છે. તેથી દરરોજની જેમ સફાઈ માટે હું તે ટબ લઈને બહાર આવું છું.

આજે આ મહાપુરુષ ગુરુદેવ પ્રભુ પણ મારા માર્ગમાં ઊભા રહ્યા. સફાઇની ક્રિયા કરૂણા સભર નેત્રે નિહાળવા લાગ્યા. મારી પાસે આવી ઊભા.

ખૂબ ગંભીરતાથી અહેસાનયુક્ત ભાવ સાથે મને પૂછવા લાગ્યા:-

"તમારી પાસે હું આ કામ કરાવું છું, લાવો, હું તમને હાથ ધોવડાવું ?"

"ના, એ તો હું જ ધોઈ નાખીશ."

"તમે કેટલાં પવિત્ર છો. તમારી પાસે મેલુ ઉપાડવાનું કાર્ય ? કેટલી બધી પ્રસન્નતાથી આ સેવા કરો છો !" તમે તમારા કોઈ સ્વજનની આવી કપરી સેવા કરી છે ?"



"ના, મારા પિતાજી હાર્ટએટેકની બિમારી અંગે હોસ્પિટલમાં હતા. પણ ત્યારે તો ભાઇ હતા, એટલે મારે એવી સેવા કરવાની ન હતી. વળી મારા બા હોસ્પિટલમાં હતાં તો તેમને તો મોતિયાનું ઓપરેશન હતું એટલે તેમની પણ આવી મેલુ ઉપાડવાની સેવા મને મળી ન હતી."

"તો પછી તમે આ સેવા કરો છો તેની તાલિમ તો લીધી નથી. સ્વજનોની પણ જેવી સેવા નથી કરી તેવી તમે મારાં માતાજીની સેવા કરી રહ્યાં છો, ઘણું કહેવાય."

"આપની સાથે રહું છું એટલે સેવાની તક મળી છે."

"મારી સાથે તો તમે શાંતિ મળે એ માટે રહો છો, નહીં કે મારી સાથે રહેનાર કોઈ વ્યકિતનું મેલુ ઉપાડવાની સેવા માટે ? તમારે મારી સાથે સંબંધ, મારાં માતાજી સાથે તમને શું લાગેવળગે ! છતાં તમે પ્રસન્નતાથી સ્વેચ્છાએ સેવા કરો છો તો એ તમારુ મોટામાં મોટુ તપ છે."

બારથી બાર પિસ્તાલીશ સુધી માતાજી પાસે આજે સેવામાં રોકાઇને અમે લગભગ એક વાગ્યે ભોજન માટે બેઠાં, તો શ્રી જીતુભાઈ અને નારાયણભાઇને બોલાવીને ગુરુદેવ પ્રભુ કહેવા લાગ્યા.

"આજે મને વિચાર આવ્યો કે 'મા' (સર્વેશ્વરી)એ કેવી અદ્‌ભુત સેવા કરે છે ? એમણે એમનાં કોઇ સ્વજનની પણ આવું મેલુ ઉપાડવાની સેવા નથી કરી. એમને તો ઘરે વાડી છે, ગાડી છે પૈસા છે, એ પવિત્રતાની મૂર્તિ પાસે આવું કામ કરાવવાનું ? શાંતિ માટે મારી પાસે આવ્યાં ને સેવાનું કાર્ય કરવાનું અને તે પણ માતાજીનું ! એક સમયે મારૂ એવું કાર્ય હોય તો પણ ન કરવા તેઓ સ્વતંત્ર છે.

મારી સાથે રહે એટલે આવી સેવા પણ કરવાની જ એવું બંધન થોડું છે!”

કોઈ પણ હજારો રૂપિયા ખર્ચીને યજ્ઞ કરે તેનું ફળ અને આ માતાજીની જેવી સેવા કરે છે તેનું ફળ એ બંનેમાં સેવાનું ફળ સર્વશ્રેષ્ઠ છે. પ્રભુના દરબારે આ સેવાની તંપના સ્વરૂપે નોંધ થાય છે.”

‘તમે કેમ દરરોજ આવી પ્રશંસાત્મક વાતો જ કર્યા કરો છો?

“પ્રશંસાત્મક વાતો નથી, જે સાચું છે તે જણાવું છું. અને લોકોને પણ ખ્યાલ આવે કે સંતપુરુષો સાથે રહેવામાં માલપાણી કે લાડવા ખાવાના નથી, આવું પણ કામ હોય છે, જે કરે છે વિગેરે.

નારાયણભાઇના પુત્ર અજય પાસે મેગ્નેટીક સારવાર લેતાં લેતાં પ્રભુ આરામ કરે છે. થોડોક જ આરામ થયો ત્યાં સેવા શરૂ થઈ. મોસંબીનો રસ, સંતરાનો રસ, દૂધ, મગનું પાણી, પોપૈયું વિગેરે ચીજોમાંથી કંઇક ને કંઇક માતાજીને આપવા સમજાવવાનું કાર્ય ચાલ્યા કરે છે. છેક સાડા ચારે પૂ. શ્રી થોડા આરામ માટે સૂતા છે, ત્યાં તો માતાજીની કુદરતી હાજતની સેવામાં હાજર થવું પડ્યું. સાંજના સાડા છનો સત્સંગનો સમય છે, પણ માતાજીની માંદગીને લીધે લગભગ સાત વાગ્યે દરરોજ સત્સંગ શરૂ થઈ શકે છે.

ગઇકાલે પૂ. શ્રીએ ધીરજ ને શ્રદ્ધાના સૂત્ર સાથે સાંઇબાબાની વાતો કરી હતી. આજે વળી પુરુષાર્થને મહત્વ આપતાં કહ્યું કે પુરુષાર્થ એટલે પ્રયત્નો જ નહીં, પણ પુરુષ અર્થે થયેલા પ્રયત્નો. પુરુષ એટલે પરમપુરુષ–પરમાત્માનો



યથાર્થ શબ્દ અને અર્થ એટલે માટે પરમાત્મા માટે થયેલા પ્રયત્ન તે પુરુષાર્થ. સમગ્ર જીવન પુરુષ–પ્રભુ માટે વહે તે પુરુષાર્થ.”

આજે અમદાવાદનાં ત્રણ ભાવિકો વિદાય લે છે. પૂ. શ્રી જીતુભાઇને આવતીકાલે પણ રોકાઇ જવાની આજ્ઞા કરે છે. તેમને મન પૂ. શ્રીની આજ્ઞા શિરોમાન્ય છે. તેથી તેઓ કાલે જશે.

માતાજીને હોસ્પિટલમાં દાખલ કરવાની વાત માટે ત્રણ દિવસની સારવાર પછી વિચારાયું છે. પૂ. શ્રી સાથે સવાનવ વાગે મગભાત ભોજનમાં લીધાં. લગભગ ૧૦ વાગ્યે પૂ. શ્રી આરામ કરે છે.

આજની ડાયરી અહીં જ પૂર્ણવિરામ પામે છે. હરિ ૐ.

**ભાદરવા સુદ ચોથ ૨૦૩૬ (ગણપતિ ચોથ) તા. ૧૩–૯–૧૯૮૦ શનિવાર.**

માતાજીનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન કથળતું જાય છે. ગઇકાલે નિર્ણય લેવાયો કે અહીં જ બે–ત્રણ દિવસ રહીને ઉપચાર કરીએ, જેથી હવે નવી દવાઓ શરૂ થઈ છે.

આખો દિવસ તંદ્રામાં હોય છે, છતાં અર્ધા અર્ધા કલાકે પૂ. શ્રીને જાગૃત રહીને સતત હાજરી આપવી પડે છે, થાક લાગતો નથી. આજે પણ આખો દિવસ પૂ. શ્રી માતાજીની સેવામાં રોકાયા છે. લેખન ને પત્રોનું વાંચન પણ બંધ છે.

આજે સાંજે સાડા છ વાગ્યે પૂ. શ્રી સત્સંગ માટે બહાર આવતા હતા ત્યાં જ ડોકટર શાહ આવ્યા, જેથી સાત વાગ્યે સત્સંગ ચાલુ થયો.

આજે સત્સંગમાં સરસ્વતીનંદન ( અન્નદાતા ) ની રાજસ્થાનમાં થયેલી કસોટી, મસૂરીના મહાત્મા ભગવાન, ડો. માલી, મોતીબાબુ જજની વાતો કરી.

સત્સંગ બાદ માતાજીને કંઈક આપવાના પ્રયત્નોમાં સવા નવ થયા. સાડા નવે અમે બટાકાપૌંઆ ને દૂધ લીધું. દરરોજ આ રીતે મોડું ખાવાનું બને છે. આરોગ્યની દૃષ્ટિએ અયોગ્ય છે, એમ દરરોજ પૂ. શ્રી કહે છે.

પૂ. શ્રી ખોરાક લેતાં લેતાં કહે છે કે " માતાજી વાસ્તવિકતાને સમજે ને સ્વીકારે તો પોતે જ સુખી થશે. જે થનાર છે તે તો થયાં જ કરે છે. લકવાની બિમારીમાં જે સેવા થઇ તેનાથી પણ આ સેવા વધી જાય છે."

માંદગીના બિછાને પડેલાની ખબર અંતર પૂછી શકાય પગ દબાવી શકાય, દવા આપી શકાય, સંતરા મોસંબીનો રસ આપી શકાય, પણ સૌથી અઘરું કામ દર્દીનું મેલું ઊપાડવાનું છે. સંસારમાં સગાંઓ લોકલાજ પૈસાની કે મિલ્કતની મળવાની ગણતરીથી સેવા કરતાં દેખાય છે. જ્યારે અહીં તો પૈસા મળશે કે મિલ્કત મળશે એવી કોઈ ગણતરી જ નથી. છતાં પ્રેમપૂર્વક એઓ ( સર્વેશ્વરી ) સેવા કરે છે. સાચો પ્રેમ હોય તો જ આવી કપરી સેવા કરી શકાય. આવી સેવાથી મને ખૂબ ખૂબ માન થયું" વળી આજના દિવસની સેવાની સમાપ્તિ પ્રસંગે પૂ. શ્રી બારણામાં ઊભા છે. હું અંદર મોસંબીનો રસ મુકવા જાઉં છું. ત્યાં જ ગરમ દૂધ પૂ. શ્રીને સરસ્વતીબેન આપે છે. પૂ.શ્રીએ ગરમ દૂધની તપેલી પકડીને મને આપે છે. કહે છે : આપણને ગરમ લાગે ! બબ્બે હાથમાં સગડી લઇને ફરે તેને વળી શું ગરમ લાગે ? જગદંબાને

( અનુસંધાન પાના ૫૭ ઉપર )



# મુંબઈમાં પૂ. માના સાન્નિધ્યની શિબિર

તંત્રી

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ તા. ૧૮ માર્ચ, ૧૯૮૪ ના દિને પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો તે પહેલાં મુંબઇમાં ધ્યાન સાધના શિબિર થાય એવી એમની ભાવના હતી. એ માટે તે દિવસે તેઓએ કેટલાંક સ્થળોની મુલાકાત પણ લીધેલી.

પરંતુ આખરે પ્રભુએ જે રચી રાખ્યું હોય છે, તેજ થાય છે. પૂ. શ્રીની ભૌતિક હયાતી દરમ્યાન તે શકય ન બન્યું. છતાં પૂ. શ્રીનો એ પુણ્યકારી સંકલ્પ કામ કરતોજ રહ્યો ને આખરે પાંચ વર્ષ પછી તે સાકાર બન્યો.

પૂ. શ્રીની પાંચમી પુણ્યતિથિ મુંબઈમાંજ ઉજવાય અને તેનો પ્રારંભ પૂ. શ્રીએ જે લક્ષ્મીનારાયણના કાંદીવલીના મંદિરમાં પોતાના ભૌતિક દેહનો પરિત્યાગ કર્યો ત્યાંથીજ થાય એવી ભાવના પૂ. માશ્રી સર્વેશ્વરીએ પરદેશથી ભારત ડીસેમ્બર, ૮૮માં આવ્યાં ત્યારે વ્યકત કરેલી. પ્રભુકૃપાથી તે શકય બન્યું, તેમાં મુંબઇના શ્રી હરગોવિંદભાઇ ભટ્ટનો સમગ્ર પરિવાર યોગેશ્વર ધ્યાનકેન્દ્રનાં ને પરદેશથી ભારત આવેલાં ભાઇબહેનો નિમિત્ત બન્યાં.

આ આખા આયોજનની જવાબદારી શ્રી મધુભાઇ ભટ્ટે સ્વીકારી ને બીજાઓના સહકારથી સરસ રીતે પૂર્ણ કરી.

પૂ. માની ભાવના પ્રમાણે બહારગામથી આવનાર સાધકોને રહેવા તથા જમવાની સુવિધા કશાય ખર્ચ લીધા વિના પૂરી પાડવામાં આપી. બોરીવલીના હિંદુજા હોલમાં ઉતારો આપ-

વામાં આવ્યો તેમજ તા. ૧૯-૩ નો શિબિરનો કાર્યક્રમ પણ ત્યાંજ થયો. કાંદીવલીના લક્ષ્મીનારાયણ મંદિરના હોલની તેમજ હિંદુજા હોલની સરસ કલાત્મક સજાવટો આયોજકો-એ કરી, જે સહુને ખૂબ ગમી.

શિબિરાર્થીઓના ચાર દિવસની ભોજનની વ્યવસ્થાનો ખર્ચ ઘણો મોટો હતો લેસ્ટરનાં શ્રીમતી મંગળાબેન પાબા-રીએ તે ઉપાડી લઇ, આયોજકોનો ઘણો આર્થિક ભાર હળવો કરી નાંખ્યો. પરદેશના બીજા ભાઇઓએ પણ આ શિબિરના આયોજન ખર્ચમાં સારો એવો ફાળો આપ્યો. આથી પ્રારંભમાં જે કાર્ય ઘણું આર્થિક બોજારૂપ લાગતું હતું તે અદ્દભુત રીતે સરળ ને હલકું બની ગયું. એક દિવંગત મહાપુરુષના શુભ સંકલ્પે કેવું અદ્દભુત કાર્ય કર્યું ને પૂ. માશ્રી સર્વેશ્વરીને એનાં નિમિત્ત બનાવ્યાં.

સંપત્તિ ઘણા માણસો પાસે ઘણી હોય છે. પરંતુ જેમના-માં સુસંસ્કારો ને પૂર્વનાં પુણ્યોનું ભાથુ હોય, તેઓજ એને સત્કર્મોમાં વાપરી શકે છે. એથી જે જે સ્થાનિક તેમજ પર-દેશના ભાઇબહેનોએ આ કાર્યમાં સહાય કરી તેઓ સહુ અભિનંદનનાં અધિકારી છે.

છેલ્લે છ જેટલી લકઝરી બસો દ્વારા આયોજકોએ શિબિરાર્થીઓને ગણેશપુરીના બાબા નિત્યાનંદજી તેમજ બાબા મુકતાનંદજીના આશ્રમોના પવિત્ર સ્થાનોની તથા વજ્રેશ્વરીની યાત્રા કરાવી ને ત્યાંજ ભોજનની સરસ વ્યવસ્થા કરી તે બદલ સહુ અહેસાનમંદ બન્યા. અન્તમાં પૂ. માએ પોતાના ઉપવાસોનાં પાંચ વર્ષ પૂરા કર્યા, છતાં અતિકૃશ અને શ્રમિત શરીરે શિબિરાર્થીઓ વચ્ચે ઘણા કલાકો ઉપસ્થિત રહીને સહુને સત્સંગ તેમજ આધ્યાત્મિક માર્ગદર્શન પૂરૂં પાડયું તેનો આભાર તો કયા શબ્દોમાં વ્યક્ત કરી શકાય!



## * અભિનંદનીય *

૧. ઇંગ્લેન્ડના રગ્બી શહેરમાં વસતા શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રીના પુત્ર કેનેડામાં રહે છે. તેઓને ત્યાં પૂ. મા પધારેલાં, ત્યારે ત્યાં જે રકમ ભેટ મળેલી તે પૂ. માની સૂચના મુજબ કલ્યાણ પ્રાર્થના મંદિર રગ્બીને મોકલાવી આપેલ. કલ્યાણ પ્રાર્થના મંદિરે ૫૧ પાઉન્ડની તે રકમ ઉપરાંત શ્રી અંબા-લાલભાઇ મિસ્ત્રી અને તેમનાં ધર્મપત્ની શ્રી મણિબેને પોતાના ચાર પાઉન્ડ ઉમેરી ૫૫ પાઉન્ડની કુલ રકમ અધ્યાત્મને ભેટ મોકલી છે. એ બદલ કલ્યાણ પ્રાર્થના મંદિર રગ્બીને તથા શ્રી અંબાલાલભાઈને અભિનંદન ઘટે છે.

## * બચતકુંભની ભેટ *

૨. મુંબઇની શિબિરમાં મારમા (જિ. સુરતના) બે બાળકો–શ્રી યતીનકુમાર બી. પટેલ અને બેન તૃષિતા બી. પટેલે પૈસાથી છલોછલ ભરેલા એક માટીના બચતકુંભની ભેટ પૂ. માને ધરેલ, તેઓએ અધ્યાત્મના તંત્રીને આપેલ. આ બચત કુંભમાંથી રૂા. ૩૪૦–૨૬ પૈસા નીકળ્યા છે. બાળકોની સત્કર્મ માટે બચત કરવાની આ ભાવના ખરેખર ધન્યવાદને પાત્ર છે. બન્ને બાળકોને અભિનંદન. બીજાઓ માટે તે પ્રેરણારૂપ છે.

## પુષ્પ જીવન

છે પુષ્પ એ નિસર્ગની સ્વર્ગીય સુંદર સંપદા !
માંગલ્ય ને માધુર્યથી સમૃદ્ધ છે સંયોજના !
જે પુષ્પ ઉપવનમાં ઊગીને, મનોરંજક થાય છે,
ને, મૂક મધુર વાણી વડે, માંગલ્યમંત્રો ગાય છે,
મંદિર કે મૈયત ભલે હો, સંત કે શયતાન હો,
કો' ધર્મ કે ક્રિયાવિધિનું, શુભ-અશુભ વિધાન હો,
અર્પણ થતાં, વિણ ભેદભાવે, સૌરભ સમર્પી જાય છે,
તે પુષ્પનું જીવતર અહો, ! સાર્થક થયું સમજાય છે !

—રતિલાલ ભાવસાર
કુમારગૃહ, આનંદપુરા, વડોદરા-૧

'પુષ્પ સૃષ્ટિનું સૌભાગ્ય છે !'—ઋગ્વેદ
'પુષ્પ પ્રકૃતિનું સૌંદર્ય છે !'—સામવેદ
'પુષ્પો પ્રભુનો સાક્ષાત્કાર છે !'—યજુર્વેદ

કેટલાક કવિઓ ફૂલમાં પણ માનવભાવના જોઇ શકે છે,
તો કેટલાક કવિ મનુષ્યમાં ફૂલનું સૌંદર્ય નિહાળે છે !

—કાકા કાલેલકર



# આવ્યા વિના ચાલશે ના

ભાઇલાલભાઇ છાટબાર

હૃદયમાં અભીપ્સાની અગ્નિશિખા પ્રજ્વલિત થઇ ઊઠી હોય અને પ્રાણમાં પળે પળે પોકાર ઊઠે તો પરાત્પર શક્તિને (ભક્ત-જ્ઞાની-યોગી) સાધકની સમીપ આવ્યા વિના ચાલતું નથી. સાધક એક ડગલું ભરે અને હૈયામાં હામ રાખે તો આવા સાચદિલ સાધક તરફ પરાત્પર શક્તિ સામે ચાલીને બે ડગલાં ભરે છે.

પોકાર અણસુણ્યો રહે તો સાધકે વિશેષ નિકટતાથી તીવ્રતમ સ્વરેસાદ કરવાનો રહે છે. પ્રાણકંઠે આવ્યા હોય તેવા આવા પિપાસુને 'પરમ'નો પ્રતિસાદ અવશ્ય સાંપડે છે. જે સાધક તમામ સહારા છોડી દઇને માત્ર એકનો જ આધાર પકડે છે અને કંટકછાયા સાધનાપથે પોતાનો રાહ ચૂકતો નથી તેને પરમસત્તા આંગળી આપીને દોરે છે.

સાધક 'પરમસત્ય'ની પ્રાપ્તિ માટે આંસુરૂપી બીજ રોપે છે અને ફળે છે 'પરમસત્ય' રૂપી મહામૂલું મોતી. બીજ-આરોપણની પાછળ અથાક પરિશ્રમ અને નિદ્રાત્યાગની રાતો હોય છે. સત્ય-ઉપલબ્ધિ ના થાય ત્યાંસુધી સાધક ધીરજ-પૂર્વક પ્રતીક્ષા કરતો કરતો રાહ જુએ છે.

આંધી-તોફાન-વા-ઝડી ઊઠે, ઝંઝાવાતથી દિશાઓ ધમ-ધમી ઊઠે તોપણ સાધકે બીજ એવી સાવધાનીથી ઊંડું ઊંડું રોપ્યું હોય છે કે વાવાઝોડાં અને મૂષળધાર વર્ષા સામે તે ટકી રહે છે.

સાધક તમામ અવરોધ અને કસોટીઓને પાર કરી જાય છે. સત્ય-ઉપલબ્ધિ માટે તેણે પોતે સ્વીકારેલ સાધનમાર્ગથી તે વિચલિત નથી થતો અને પાવકની જવાળા સમા પ્રેમમય સાધનાપથને વળગી રહે છે. આવા અનન્ય નિષ્ઠાવાન પ્રેમી-

ચાહકને હૃદય સાથે ચાપ્યા વિના અને પ્રેમનો પ્રતિધ્વનિ 'પરમપ્રેમ'થી આપ્યા વિના પ્રભુ–પરમાત્મા રહી શકતો નથી.

શ્રેયાર્થી પરમાત્મ–મિલનને માટે ઝંખે છે તેમ પરમાત્માના હૃદયમાં પણ આવા શ્રેયાર્થી એકનિષ્ઠ સાધકને મળવાની ઝંખના હોય છે. માત્ર સાધક દર્શનાતુર નથી હોતો, વિશ્વ-ચક્ર સંચાલક પરમાત્મ–પ્રભુ પણ સાચદિલ શ્રદ્ધાવાન ભકતના દર્શન માટે આતુર હોય છે.

શ્રેયાર્થી પુણ્યમાર્ગ–પ્રવાસીની પ્રેમગંગામાં નહાવા માટે પરમાત્માથી આવ્યા વિના રહી શકાતું નથી. ભક્ત તો ધન્યતા અનુભવે છે, આવા તપી-જપી ભક્તને મળી પરમાત્મા પણ ધન્ય બને છે અને આવા સાચદિલ ભક્તને ભેટીને તેના પર પ્રેમની અમીવર્ષા કર્યા વગર પરમાત્મ–પ્રભુ રહી શકતા નથી.

આ 'પાર્થિવ'ની અપાર્થિવ સાથેના મિલનની સદ્ભાગી ક્ષણ હોય છે. સરિતા સાગરને જઈ મળે તેમ વ્યકિતગત ચેતના પરમચૈતન્યને જઈ મળે છે. બિંદુ સાગરમાં સમાઈ જાય છે અને સાગર બિન્દુમાં સમાઇ જાય છે.

મહામિલનની આ ધન્ય ક્ષણે પરમાત્મ–પ્રભુ સ્વયં પર્થિવ દેહધારીની સમસ્ત ચેતનામાં છવાઇ જઈ ભકતના કંઠ દ્વારા ગીતસ્વરૂપે પોતાની અભિવ્યકિત કરી રહે છે.

આવા સત્-ધર્મ સાધનાના કઠિન માર્ગ પર ચાલીને બધા લોકો અંતિમ લક્ષ્યબિંદુ સુધી પહોંચી શકે નહિ. પરંતુ સાધના માટે સક્ષમ કેટલાક લોકો અંતિમ ધ્યેયબિંદુ–'પરમ-સત્ય'–સુધી પહોંચે જ.

અન્ય કેટલાક અધકચરા અર્ધદગ્ધ લોકો સાધનાપથે ડગ માંડે છે ખરા પણ એકનિષ્ઠ અને એકનિશ્ચયી ના હોવાને કારણે લાંબી મજલ કાપી શકતા નથી. પરંતુ તેઓ જેટલો માર્ગ કાપે છે, તેટલો લાભ તેઓ અવશ્ય પામે છે. તેમની આ જન્મે અધૂરી રહી ગયેલી સાધના જન્માંતરે ફળે છે. ગતજન્મનું અધૂરું રહી ગયેલ સાધનાકાર્ય આગળ ચાલતું હોય છે.



કોઈ માણસ સત્–ધર્મપથે એક ડગ પણ માંડવા ના ઇચ્છે તો તેને માટે શું થઈ શકે? મહામૂલો માનવજન્મ મળ્યો હોવા છતાં બેહોશીમાંથી જાગે નહિ અને ભુકિત–મુકિતનો વિવેકબુદ્ધિથી વિચાર કર્યા સિવાય ભુકિતમાં અટવાઈ જાય તો માણસ અવસર ગુમાવી બેસે છે.

પરંતુ સાવધ માણસ સત્–ધર્મ આત્મસાત્ કરવાની તક ઝડપી લે છે અને આત્મકલ્યાણ સાધવામાં તે સતત્ સજગ રહે છે. તીવ્ર પિપાસુ સાચદિલ શ્રેયાર્થી આર્દ્ર હૃદયે પુરુષાર્થ કરતો કરતો પોતાના શ્રેયપથને પ્રકાશિત કરવા કૃતસંકલ્પ હોય છે. આરંભે કેટલીક આપદા નડે છે. ખાસ તો પરંપરાવાદીઓ શંકા–કુશંકા ઊભી કરે છે અને સાધકના મનને ડામાડોળ કરતા રહે છે.

સાધકે 'સંગ–પ્રસંગ' થી અળગા રહેવું તે તેને માટે હિતકારી છે. સત્-ધર્મ જાગરૂકતામાં જિવાડે છે—પરંપરાનો પાશ બેહોશીને નોતરે છે.

સત્–ધર્મ સાધનાનો શ્રેયપથ પકડ્યા પછી તેના ઉપર અડગ રીતે ચાલનાર સાધકને માર્ગમાં કંઇક ને કંઇક અનુભૂતિ સાંપડે છે. સત્યની એક નાનકડી–શી ઝાંખી પણ સાધકને સુસ્થિર રાખે છે અને દૃઢનિશ્ચયી બનવામાં સહાય કરે છે.

આવા નિષ્ઠાવાન સાચદિલ સાધકને મળ્યા વગર અંતતઃ પ્રભુ–પરમાત્માથી રહેવાતું નથી. અવ્યકતને વ્યકત બની આવ્યા વિના ચાલતું નથી. 'આવ્યા વિના ચાલશે ના'—ભકતનો આર્દ્ર પોકાર કોક ધન્ય ઘડીએ સાકાર બને છે અને મહામિલન સર્જાય છે. ભજનની પંકિતઓ છે :

સત્‌ને સથવારે ચાલી નીકળી
સત્‌નો સંગકરે દિનરાત જી
અંતરની આરતથી પોકાર કરે
તેને મહારાજ થાય મહેરબાન જી.

## ✽ મસૂરીમાં પૂ. શ્રીની પુણ્યતિથિની ઉજવણી ✽

મહાત્મા યોગેશ્વર કલ્યાણ સમિતિ, મસૂરી તરફથી પણ તા. ૧૮-૩-૮૯ ના રોજ પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સવારના કાર્યક્રમમાં શિશુ ભારતી સંસ્થા તરફથી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં પૂ. શ્રીના જીવનનાં આધ્યાત્મિક પાસાંઓ સાથે વિવિધ લોકોપયોગી પાસાંઓને ભવ્ય અંજલિ આપવામાં આવી હતી.

સાંજના ૪ થી ૫-૩૦ ના કાર્યક્રમમાં પૂ. શ્રીની પ્રતિકૃતિનું પૂજન હવન ઉપરાંત શાળા માટે નવા બંધાયેલ ઓરડાનો સંસ્થાને અર્પણવિધિ પણ કરવામાં આવ્યો હતો.

✽

## પુણ્યતિથિ નિમિત્તે અગાસી માતામાં અખંડ ધૂન

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની ચોથી પુણ્યતિથિની ઉજવણી શિબિર બારડોલીના અગાસી (અઘાસી) માતાના સ્થાનમાં ગયે વર્ષે થઈ હતી. આ સ્થાનના સ્થાપક શ્રી દવે બાપુએ આ વર્ષે એ પવિત્ર દિવસની સ્મૃતિમાં અગાસી માતાના સ્થાનમાં તા. ૧૮-૩-૮૯ ના રોજ અખંડ ધૂન રાખી, પૂ. ગુરુદેવ અને પૂ. મા પ્રત્યેની અનન્ય શ્રદ્ધાભક્તિની પ્રતીતિ કરાવી. તદુપરાંત તા. ૧૯-૩-૮૯ ના રોજ પોતાની મંડળી સાથે બોરીવલી (મુંબઈ) આવી પહોંચ્યા. સાથે આ વર્ષે કુંભયાત્રાએ અલ્લાહાબાદ ગયેલા તેના પવિત્ર જળના ઘડા લાવેલા. તેના જળનું પાન પણ સર્વે શિબિરાર્થીઓને કરાવ્યું; જેથી ભાવિકોને આનંદ થયો.

શિબિરના આયોજકોએ પણ પૂ. માના હસ્તે શ્રી દવે બાપુને શાલ ઓઢાડી તેઓનું યોગ્ય સન્માન કર્યું.



સંત પુનિત મહારાજની

## જીવન ઝરમર

કનૈયાલાલ ઝિંઝુવાડિયા

જન કલ્યાણના સ્થાપક શ્રી પુનિત મહારાજે બાલ્યાવસ્થામાં જ પિતાની છત્ર છાયા ગુમાવેલી. તેમના માતા લલીતામા લોકોનાં પાણી, વાસણ, કપડાં તથા અનાજ દળી આપી ઘરનું ગુજરાન ચલાવતાં. પરિસ્થિતિ ઘણી જ કપરી હતી. બાલકૃષ્ણમાં (પુનિત મહારાજનું મૂળનામ) માતા-પિતાના ધાર્મિક સંસ્કારો ઉતર્યા હતા.

એક વાર બાલકૃષ્ણ મેડી પર એકલો રામધૂન બોલી રહ્યો હતો. રામધૂનમાં તેને ભાવસમાધિ લાગી ગઈ. દેહભાન ભુલાઇ ગયું. ઓચિંતા મેડી પર ગયેલાં લલીતાબહેને જોયું કે પુત્ર પ્રભુધૂનમાં એક-બે ડગલાં હવે આગળ વધશે તો સળિયા વિનાની બારીમાંથી નીચે પડીને મૃત્યુ શરણ થશે. સમય સૂચકતાથી, યુકિત કરીને માતાએ પુત્રને બચાવી લીધો. ભાવસમાધિ તૂટતાં તે અંગે માતાને મીઠો ઠપકો આપતાં પુત્રે કહ્યું, "પ્રભુમાં સમાધિસ્થ થયેલા મને કેમ વિક્ષેપ કર્યો? મા, ઈશ્વર મારું રક્ષણ કરનારો છે." બાલકૃષ્ણના મનમાં બચપણથી જ ઈશ્વર પ્રત્યેની આવી અટલ શ્રદ્ધા હતી.

એક રવિવારે બાલુ કપાસનાં કાલાં ફોલવામાં માને મદદ કરતો હતો. આંગણે આવેલા જોશીએ બાલુની જન્મકુંડળી જોતાં જોશીએ નવમે વર્ષે ઘાત હોવાની અને તેમાં બચી જશે તો લોકોનાં જીવન ભકિતભાવથી ભરી દેશે અને એક દિવસ મહાપુરુષ થશે એવી આગાહી કરી.

જોશીની આગાહી પ્રમાણે નવમા વર્ષે બાલુને આખા

શરીરે બળિયા નીકળ્યા. ઈશ્વરમાં અડગ શ્રદ્ધા ધરાવતો બાલુ સિયારામની ધૂન મનમાં બોલીને પોતાનું દુઃખ ઓછું કરતો ને કાળી બળતરા સહન કરતો.

પાડોશી દિવાળીમાએ બાલુની છેલ્લી સ્થિતિ જોઈ અંતિમ ક્રિયા માટે લલીતામાને સુચના આપી અને પોતે પણ મદદ-રૂપ થયાં. લલીતાની પ્રભુ પ્રત્યેની પ્રાર્થના ચાલુ હતી. સાચા દિલની પ્રાર્થના વ્યર્થ જતી નથી. લલીતામાની હૃદયપૂર્વકની પ્રાર્થના પ્રભુએ સ્વીકારી અને બાલુ મૃત્યુના મુખમાંથી ઊગરી ગયો.

ભરવાડ કોમમાં બાર વર્ષે સમૂહલગ્ન થાય છે. આ લગ્નમાં નાના બાળકથી માંડીને બાર વર્ષનાં કિશોરનાં લગ્ન લેવાતાં. કન્યાને પરણાવવા ગોર મહારાજ જોઇએ. ગોરની તંગી પડવાથી એક ભરવાડ બાલકૃષ્ણને સમજાવીને ગોર તરીકે લઈ ગયો. ૫૦ કન્યાઓનાં એક સાથે લગ્ન હતાં. સમૂહલગ્નમાં ઘણો ઘોંઘાટ હતો. પોતાના જેવા નાની ઉંમરનાં વરરાજાઓને જોઇને બાલકૃષ્ણને હિંમત આવી. ગોખેલી કવિતાઓ ભારે ઘોંઘાટ વચ્ચે બોલવા માંડ્યો. આ રીતે ત્રણ કન્યાઓને પરણાવીને મળેલા બધા પૈસા માતાને ચરણે ધરી દેતાં માને મદદરૂપ થવાનો અનેરો આનંદ તેણે અનુભવ્યો.

બાલકૃષ્ણની સગાઇ તો કયારનીયે થઈ ગઇ હતી, વેવાણ મણિબહેને લગ્ન માટે લલીતાબાને કહેવડાવ્યું. તેઓ મણિ-બહેનને મળ્યા અને બાલુ હજુ ભણે છે. મેટ્રિક થતાં ચારેક વર્ષ થશે, ત્યાં સુધી રોકાઇ જવા જણાવ્યું. પરંતુ મણિ-બહેને કહ્યું, “મારે એક સાથે બંને દીકરીઓના પ્રસંગ થઇ જાય તો વધારે અનુકૂળતા આવે. લલીતામા વેવાણની વાત સ્વીકારી ઘરે આવ્યાં. મકાન ગીરવે મૂકી પૈસાની સગવડ કરી, બાલકૃષ્ણની લગ્નની તૈયારી થવા લાગી.



બાલકૃષ્ણને બળિયા થયા હોવાથી આંખોમાં ઘણી ગરમી રહેતી. વધારે વાંચી શકાતું નહીં, મેટ્રિકનો અભ્યાસ હતો. ડોકટરે ચશ્માં પહેરવાની સલાહ આપી હતી, પરંતુ તે ખરીદવાની શક્તિ ન હતી. મા પારકાં કામ કરીને ઘરનું માંડ પૂરું કરતી. પોતે લગ્ન કરેલ હોવાથી મા પર એક વ્યકિતનો બોજો વધી ગયો હતો. માનું દુઃખ બાલકૃષ્ણ સહન ન કરી શકયો, અને માને સમજાવી નોકરી માટે મેટ્રિકનો અભ્યાસ છોડ્યો-ઘણા વખત સુધી નોકરી માટે કરેલા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. નાની મોટી નોકરી માટે ઇશ્વરને પ્રાર્થના કરી.

છેવટે બાલકૃષ્ણને અગિયાર રૂપિયાના પગારે પોસ્ટ ઓફિસમાં પટાવાળાની હંગામી નોકરી મળી. નિષ્ઠાપૂર્વક નોકરી કરીને પોસ્ટ માસ્તરનો પ્રેમસંપાદન કર્યો. અગિયાર રૂપિયાનો પહેલો પગાર માને અર્પણ કર્યો. માએ પહેલો પગાર પ્રભુને ચરણે ધરવાનો સંકલ્પ કર્યો હોવાથી તેમ કર્યું. બાલકૃષ્ણે માની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવી દીધી. પ્રભુને પહેલો પગાર અર્પણ કરવાનું રહસ્ય સમજાવીને માએ કહ્યું, “આ નોકરી તને પ્રભુએ અપાવી છે તેનું સતત સ્મરણ થશે. તારે જેની નોકરી કરવાની છે તે સૌમાં પ્રભુ વસેલા છે તેથી દરેક કાર્ય પ્રભુ પ્રીત્યર્થે કરવું-” માએ આપેલા આવા ઉચ્ચ સંસ્કારે બાલકૃષ્ણના જીવન ઘડતરમાં ઘણો મહત્વનો ફાળો આપ્યો છે.

રોજ છાપામાં જાહેર ખબર જોતા બાલકૃષ્ણની નજર “ગર્જના” દૈનિકમાં કારકુનની જગ્યાની જાહેરાત પર પડી. શેઠ શ્રી જી. કે. માવલંકરને મળ્યો. છાપાનો અનુભવ ન હોવા છતાં, પંદર દિવસમાં નવું કામ શીખી લેવાની બાલ-કૃષ્ણની શ્રદ્ધા પર વિશ્વાસ રાખી શેઠે રૂ. ૨૮ ના પગારથી નોકરીમાં રાખી લીધો.

પ્રથમ દિવસે ખંતપૂર્વક રવાનગી વિભાગમાં કામ કર્યું. શેઠ પ્રભાવિત થયા તેને કયાં રહે છે તે પૂછ્યું. અને ફૂટપાથ પર પડી રહેતા બાલકૃષ્ણને શેઠે પ્રેસમાં રહેવાની સગવડ કરી આપી. પગાર પેટે પહેલે જ દિવસે રૂા. ૧૫ એડવાન્સ આપ્યા તેમાંથી રૂા. ૧૦ માને મની ઓર્ડરથી મોકલ્યા. આજ અરસામાં ધંધુકે પુત્રીરત્ન પ્રાપ્ત થયાના સમાચાર જાણ્યા.

શ્રી માવલંકરે બાલકૃષ્ણને લાલ દરવાજા પાસેની સભાનો રિપોર્ટ લેવાની કામગીરી સોંપી. ખૂબ ઝીણવટ પૂર્વક સભાનો રિપોર્ટ જોઇ શેઠ પ્રસન્ન થયા અને સાત રૂપિયાનો પગાર વધારો કરી ખબરપત્રીની જવાબદારી સોંપી. સાથે સાથે કોઈ-પણની શેહ-શરમમાં ન તણાઈ હકીકતમાં જરાયે ફેરફાર ન કરવા સૂચના આપી.

બાલકૃષ્ણની કુશળ કલમે લખાતાં, અસહકારના આંદોલન-ના આગ ઝરતા ક્રાંતિકારી અહેવાલો દ્વારા 'ગર્જના' દૈનિકે અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી દીધી.

આજ અરસામાં મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીકૂચ-નો અહેવાલ લેવા માવલંકરે બાલકૃષ્ણને મોકલ્યો.

"વિરાટ જાગે છે ત્યારે..." એ શીર્ષક નીચે દાંડીકૂચનું આબેહૂબ ચિત્ર રજૂ થયું. આ અહેવાલથી સરકારી અમલ-દારો ચોંકી ઊઠ્યા.

અમદાવાદ લાખા પટેલની પોળમાં રહેતા હરગોવિંદ-ભાઇએ તેમની પત્નીની સુવાવડ માટે લલીતાબહેનને અમ-દાવાદ તેડાવ્યાં છે એ ખબર મળતાં બાલકૃષ્ણ માતાની પાસે પહોંચી ગયો. હરગોવિંદભાઈએ લલીતાબહેનને જણાવ્યું કે તેઓ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી બાલકૃષ્ણ પોતાને ત્યાં જમશે. આથી લોજને બદલે માતાની સ્વાદિષ્ટ રસોઈ જમવાની



તક મળી.

લલીતાબાએ હરગોવિંદભાઇના ઘરનો બધો જ વહીવટ કુશળતાપૂર્વક સંભાળી લીધો હતો. મહિનો પૂરો થતાં હર-ગોવિંદભાઈએ પગારના રૂા. ૧૫ લલીતાબાને આપવા માંડ્યા, પણ બાલકૃષ્ણ ત્યાં જમતો હોવાથી હરગોવિંદભાઇનો ઘણો આગ્રહ હોવા છતાં તે રકમ ન લીધી.

બે મહિના પછી લલીતાબા વતન જવા તૈયાર થયાં પરંતુ બાલકૃષ્ણે માતાને રોકી લીધાં. બે દિવસમાં રાયપુર પીપરડીની પોળમાં મકાન ભાડે રાખી લીધું. અને પત્નીને પિયરથી તેડી લાવ્યા. પરંતુ બાલકૃષ્ણને આ સુખ હાથતાળી આપીને જતું રહ્યું. સરકારની કરડી નજર 'ગર્જના' પર પડી. દાંડીકૂચ અને આંદોલનના અન્ય અહેવાલોને લીધે સરકારે ગર્જના પ્રકાશન પર પ્રતિબંધ મૂકયો. માવલંકરની ધરપકડ કરી. માફી ન માગે તેવા વીર માવલંકરને સરકારે ત્રણ મહિના પછી જેલમુકત કરવા પડ્યા.

સરકારે પાણીના મૂલે પ્રેસની હરાજી કરાવી દીધી. 'રાજ-નગર ટાઇપ ફાઉન્ડ્રી' વાળા પરસોત્તમદાસ પટેલે પ્રેસ હરાજીમાં લઇ લીધું અને પ્રેસ માવલંકરને પાછું સોંપી દીધું. માવલંકરે પ્રેસના કર્મચારીઓને બોલાવી ત્રણ મહિનાનો પગાર ચૂકવી પ્રેસ ફરીથી ચાલુ કર્યું. પરંતુ માવલંકરનો એક-નો એક પુત્ર મરણ પામ્યો. આ આઘાતથી પ્રેસ બંધ કરી દીધું. ગર્જના કાર્યાલયના કર્મચારીઓ બેકાર બની ગયા. બાલકૃષ્ણ પણ બેકાર થયો.

ખાડિયા ચાર રસ્તે આવેલી આતંક નિગ્રહ ફાર્મસીમાં લાચારીથી આઠ જ રૂપિયાના ટૂંકા પગારમાં નોકરી સ્વી-કારવી પડી.

દરમ્યાન એક ભાઈ સાથે ઓળખાણ થવાથી તેઓ બાલકૃષ્ણને રેવડીબજારમાં આવેલા એક પ્રેસમાં લઇ ગયા અને શ્રી અમૃતલાલ જી. શાહ સાથે પરિચય કરાવ્યો. અમૃતલાલ એક નવા માસિક માટે કાબેલ માણસની શોધમાં હતા. બાલકૃષ્ણ પાસે ગર્જનાનો અનુભવ હતો. એક માસની ચર્ચા વિચારણા અને પૂરી તૈયારી પછી લલીતાબાના નામ પરથી ‘લલીત’ માસિક તરીકે પહેલો અંક બહાર પડ્યો. જૂની રૂઢિઓ પર આકરા પ્રહારો થયા, જૂનવાણી માણસો ચોંકી ઊઠ્યા. બાલકૃષ્ણની સફળ કલમના કારણે ‘લલીત’ માસિકને ધાર્યા કરતાં સારો આવકાર મળ્યો.

‘લલીત’ની સફળતાથી પ્રોત્સાહિત થયેલા અમૃતલાલે નવું સાપ્તાહિક શરૂ કરવા બાલકૃષ્ણ આગળ વાત મૂકી. ‘લલીત’ ના પ્રકાશન પછી ત્રણ મહિને ‘વીણા’ ને નામે સાપ્તાહિક પ્રગટ થયું. અજવાળી આલમના સફેદ બુરખામાં સંતાયેલા શેતાનો વધારે ભયંકર હોવાથી તેમના દંભનો પડદો ચીરવાનું કામ આ સાપ્તાહિક દ્વારા શરૂ થયું. ‘વીણા’ ને લોકોએ વધાવી લીધું. કાગના ડોળે લોકો તેના નવા અંકની રાહ જોતા. ‘લલીત’ કરતાંયે તે વધુ લોકપ્રિય બની ગયું.

અમૃતલાલના આગ્રહથી બાલકૃષ્ણે અમદાવાદની ન્યુ હાઇસ્કૂલમાં પાર્ટટાઇમ નોકરી સ્વીકારી. કલાર્કની નોકરી કરતાં સાથે સાથે શિક્ષકની નોકરી પણ એ જ સ્કૂલમાં બજાવતા.

બાલકૃષ્ણ કોઈની વાત સાંભળીને સમાચાર છાપતો નહિ. સચ્ચાઇની ચોકસાઇ જાતે કરી લેતો. ‘વીણા’ નો અંક બહાર પડતો અને જુલમી રાજા-રજવાડાંનાં હૈયાં ગભરાઈ ઊઠતાં. કાઠિયાવાડના એક મોટા રાજવીનાં કરતૂતો ‘વીણા’



માં બાલકૃષ્ણે છાપ્યાં. રાજા ક્રોધે ભરાયો. તેનો દીવાન અમદાવાદ આવી બાલુભાઇને મળ્યો. પ્રલોભનો આપ્યાં. મીઠી વાણી ઉચ્ચારી. ચલણી નોટોનાં બંડલો આપવા માંડ્યા. પરંતુ બધું વ્યર્થ ગયું, ત્યારે છેવટે બાલકૃષ્ણ અને અમૃતલાલને ખૂનની ધમકી પણ આપી છતાં બંને નીડર રહ્યા. આખરે હતાશ વદને દીવાન પાછા ફર્યા.

બાલકૃષ્ણે અમૃતલાલ આગળ દૈનિક કાઢવાનો પ્રસ્તાવ મૂક્યો. ભાગીદારો વિના એ કામ થઈ શકે નહિ. બે ભાગીદારો પણ મળી ગયા. ભાગીદારોનો દસ્તાવેજ કોર્ટમાં રજિસ્ટર થયો. નવી મશીનરીના ઓર્ડર મુકાઈ ગયા પરંતુ કેટલાક ઈર્ષાળુ લોકોએ ભાગીદારોને ભંભેર્યા. ભાગીદારોએ અમૃતલાલ પાસે આવી ભાગીદારી છોડાવાનો અને અઠવાડિયામાં પૈસા પાછા ન મળે તો કાયદેસર પગલાં લેવાની ધમકી આપી. પરિણામે ભાગીદારોએ પ્રેસપર સીલ લગાડી દીધાં. ‘લલિત’ તેમજ ‘વીણા’ નું પ્રકાશન બંધ થઈ ગયું. કારીગરો બેકાર થઇ ગયા. બાલકૃષ્ણ તેમજ અમૃતલાલ કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા. બાલકૃષ્ણને માથે ચિંતાનો ભાર છે જાણી લલીતામાને પણ ચિંતા થઈ, પરંતુ પ્રભુને તે ચિંતા સોંપી દેવા પુત્રને જણાવ્યું.

કોર્ટનો બેલિફ સમન્સ બજાવવા ઘેર આવ્યો ત્યારે બાલકૃષ્ણ ઘેર ન હતો. ઘરનાં માણસો ગભરાઈ ગયાં. મકાન માલિક ગમે તેમ બોલવા લાગ્યો. રાત્રે બાર વાગે બાલકૃષ્ણ ઘેર આવ્યો ત્યારે એ જ સમયે મકાન ખાલી કરવા માટે બાલકૃષ્ણને જણાવ્યું. બાલકૃષ્ણે તથા ઘરનાં માણસોએ તેજ સમયે મકાનમાંથી સામાન બહાર કાઢ્યો. બીજે દિવસે નાઇવાડામાં શેષશાયી ભગવાનની પોળમાં મકાન મળી ગયું.

સુખ ડોકિયાં કરી જતું રહ્યું. ફરી પાછું દુઃખ આવી

પડ્યું. બાલકૃષ્ણની ન્યૂ હાઇસ્કૂલની નોકરી પણ છૂટી ગઈ. આ ઓછું હોય તેમ બાલકૃષ્ણને ત્યાં બીજી પુત્રી ( મધુ ) નો જન્મ થયો. પુત્રને ચિંતા કરતો જોઈ લલિતાબાએ હિંમત આપતાં કહ્યું કે, " બેટા, હું પારકા ઘરનાં કામ કરીશ. તું ચિંતા છોડી દે. " પરંતુ યુવાન બાલકૃષ્ણને હવે માને પારકાં કામ કરવા દેવાની તૈયારી ન હતી. રાયપુર નાઇવાડાનું મકાન પણ બદલવું પડ્યું. રાયપુર કામઠીવાડના ચોકઠામાં મકાન મળી ગયું.

બાલકૃષ્ણને ખાડિયામાં અમૃતલાલનો ભેટો થઈ ગયો. સુખ-દુઃખના સરખા સાથીઓએ હોટલમાં ચા પીધી. અમૃતલાલ બહુ હતાશ હતા. ઝેરી દવા પીને જિંદગીનો અંત આણવાની તૈયારી કરીને ઘરેથી નીકળ્યા હતા. ' વીણા ' અને ' લલિત ' દ્વારા લોકોમાં ઉત્સાહ રેડનાર આ બંનેમાંથી જો કોઈ આપઘાત કરે તો લોકો તેમની પામરતાની કેવી હાંસી ઉડાવશે ! એ વાત અમૃતલાલ આગળ બાલકૃષ્ણે કરી અને તેમને આપઘાત ન કરવા સમજાવીને તે પ્રમાણે વચન પણ લીધું.

આવા કપરા દિવસોમાં બાલકૃષ્ણને ત્યાં ત્રીજા સંતાન પુત્ર ( પ્રદ્યુમન ) નો જન્મ થયો. ભારોભાર ગરીબાઇને કારણે પુત્ર જન્મનો આનંદ ક્યાંથી હોય ?

બાલકૃષ્ણે તો ફરીથી પાછી પરચુરણ મજૂરી કરવા માંડી. નવ મહિનાના પ્રદ્યુમનની તબિયત વધારે બગડતી જતી હતી. બાલકૃષ્ણને પણ હવે ખાંસી થઈ હતી, શરીર નબળું પડતું હતું. અડધા દિવસની મજૂરીના આઠ આના લઈને લોટ વગેરે ખરીદીને ઘેર જતાં રસ્તામાં અમૃતલાલનો ભેટો થયો. તેમણે કેસ જીતી ગયાના સમાચાર આપ્યા પરંતુ પ્રેસ ઘણા

( અનુસંધાન પૃષ્ઠ ૪૯ ઉપર )



# શ્રી રમણ-મહર્ષિના ભકતો

યોગેશ્વરજી

## શુદ્ધાનંદ ભારતી

શ્રી રમણ-મહર્ષિના સંસર્ગમાં આવેલા પ્રશંસકો અને ભકતોમાં શ્રી શુદ્ધાનંદ ભારતીનું સ્થાન ખૂબ જ આગળ પડતું છે. તામિલ-ભાષી પ્રજાને મહર્ષિનો પ્રથમ પરિચય એમણે જ લખેલા મહર્ષિના જીવનચરિત્ર દ્વારા પૂરો પાડ્યો છે. એ રીતે એમણે તામિલ ભાષાની એ ભાષાભાષી પ્રજાની ને મહર્ષિની નોંધપાત્ર સેવા કરી છે. એમણે એક અગ્રગણ્ય રાષ્ટ્રપ્રેમી તરીકે વર્ષો સુધી કાર્ય કરીને સાહિત્ય, પત્રકારત્વ, ગુરુકુલ શિક્ષા-પરંપરા, સામાજિક પુનર્નિર્માણ અને રાજકારણનાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં ફાળો આપ્યો. ધર્મને માટે પણ એમને વિશેષ રસ હતો.

એ શક્તિ-ઉપાસક હતા. એ ઉપરાંત પ્રાણાયામાદિનું અનુષ્ઠાન પણ એ કરતા રહેતા. એમને લીધે એમને નાદ, કળા તથા લયનો અનુભવ પ્રાપ્ત થયો. પોતાની આત્મ-વિકાસની આંતરિક ભૂખને સંતોષવા માટે એમણે લાંબી યાત્રાઓ કરી અને જુદા-જુદા કેટલાય ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું. પોતાના પ્રવાસ દરમ્યાન એ મૈસુરમાં આવેલા પ્રસિદ્ધ તિર્થધામ શ્રવણ-બેલગોડામાં રહીને જૈન-ધર્મનું અધ્યયન કરી રહેલા ત્યારે એમના અંતરમાં મહર્ષિને મળવાની ભાવનાએ જોર પકડ્યું. એમણે એમના સંબંધી ઘણું ઘણું સાંભળ્યું હોવાથી એમનું અંતર એમના પ્રત્યે આરંભથી જ આકર્ષાયેલું.

તિરૂવણ્ણામલૈ જઈને એમણે મહર્ષિના દર્શનનો લાભ લીધો. એ એમને પહેલા ભસ્મના સમુહરૂપે, પછી જ્યોતિ-સ્તંભરૂપે અને પછી શિવલીંગરૂપે દેખાયા, ત્યારે એમના આશ્ચર્યનો પાર ના રહ્યો. એ ગણપતીશાસ્ત્રીને પગે લાગ્યા, ત્યારે મહર્ષિ બોલ્યા, "ભારતી ! ભારત-શક્તિના રચયિતા!" એના પરથી સાબીત થયું કે એમણે એમના સાહિત્યનું પ્રેમથી અધ્યયન કર્યું છે.

મહર્ષિએ એમને નાસ્તા માટેનું આમંત્રણ આપ્યું તો તેનો સ્વીકાર કરતાં એમણે કહ્યું કે "હું તો આધ્યાત્મિક ખોરાક માટે જ આવ્યો છું." પ્રથમ મેળાપ વખતે જ મહર્ષિને રસપૂર્વક નિર્નિમેષ નેત્રે નિહાળતાં એમણે એક કલાકમાં એમની પ્રશસ્તિની કેટલીય કાવ્યપંક્તિઓ તૈયાર કરી દીધી. એમનાં અંતરનાં ઉત્કટ પરમ પવિત્ર પ્રેમ વિના એ કદી પણ શકય ના બન્યું હોત.

ઇ. સ. ૧૯૨૯ માં છ માસ જેટલા સમય સુધી એમના સ્વર્ગિય સાન્નિધ્યમાં રહીને એ શક્તિની વિશેષ ઉપાસના માટે અરવિંદ આશ્રમમાં ગયા. ત્યાં રહીને એમણે ભક્તિ-ભાવથી ભરપુર ગદ્ય-કાવ્ય "રમણવિજયમ્"ની રચના કરી. મહર્ષિને ચરણે અર્પણ કરાયેલી એ અક્ષરાંજલિ આજે પણ અનેકને પ્રેરણા ધરે છે અને અમર છે.

*

બીજાના કૃત્યમાં ભૂલો કાઢવી એ જગતમાં સૌથી સહેલું કામ છે, ને પોતાના દોષોનો વિચાર કરવો એ સૌથી કઠણ કામ છે.

બીજાના દોષોના સંબંધમાં કોમળ દષ્ટિ રાખવી એમાં જ કલ્યાણ છે.



# સંતદર્શન

(ગતાંકથી ચાલુ)

પંડિત જગન્નાથ પ્રભાશંકર

## પૂજ્યપાદ મુગટરામજી મહારાજ

એક સમયે પોતાની સન્મુખ દશ વીસ મનુષ્યો બેઠાં છે તેમાંથી એકને પોતે પૂછે છે, "કેમ ભાઇ! તમારે શું પૂછવું છે?" તેમાંથી દાહોદથી આવેલા એક સજ્જન કહે છે, કે મહારાજ! આ મારી સ્ત્રી ઘણાં વર્ષથી બહુ માંદી રહે છે. સેંકડો રૂપિયા દવામાં ખરચ્યા પણ કંઇ ટેકી લાગતી નથી તે તેને મટશે કે કેમ? હવે તે બહુ દુઃખી થાય છે. હમણાં હું તેને વડોદરાનાં દવાખાનામાં મૂકીને આવ્યો છું; ત્યાંથી આપનું નામ સાંભળીને આપની પાસે આવ્યો છું.

પોતે એ સાંભળીને એક પળ જ નેત્ર મીંચીને ઉઘાડે છે અને કહે છેઃ-તમારા ઘરમાં કોઇ સુવાવડી સ્ત્રી મરી ગઈ હોય તેમ જણાય છે. વારુ તમે ગોયણીઓ દર વર્ષે કરો છો કે નહિ?

સજ્જનઃ-ના મહારાજ! ગોયણીઓ તો અમે કરતા નથી.

મહારાજઃ-તો જાઓ, હવેથી દરવર્ષે ગોયણીઓને જમાડજો અને જો તમને અડચણ ન હોય તો દર વર્ષે એક તરપંડી કરજો. તમે શ્રાવક છો, એટલે બ્રાહ્મણને જમાડવાને અડચણ હોય તો ના જમાડશો. ઘરે ન જમાડાય તો સીધું આપજો, એટલે સારું થઈ જશે.

સજ્જનઃ-આપની આજ્ઞા હશે તો મહારાજ જમાડીશું. પણ મટી જશે ખરું ને?

મહારાજ:-હા, મટી જશે, ચિંતા કરશો નહિ, અને મેં કહ્યું તે પ્રમાણે કરજો. હવે કંઇ પૂછવું છે ?

સજ્જન:-ના મહારાજ એટલું જ.

એક ડોસો બિચારો પાંચ સાત ગાઉથી ચાલીને આવ્યો છે. છોકરો દર વર્ષે માંદો પડે છે. આપ કંઇ દયા કરો તો સારું.

મહારાજ:-જાઓ ડોસા, સવા પાંચશેર દૂધ મહાદેવ ઉપર ચડાવજો, એટલે નહિ માંદો પડે. હવે કંઈ કહેવું છે? બિચારો વૃદ્ધ ડોસો પાંચ સાત ગાઉથી ચાલીને બપોરે આવ્યો છે તેના ઉપર આમ દયા કરી દે છે.

ડોસો:-ના મહારાજ, બીજું કંઇ કહેવું નથી. એને મટી જાય એટલે બસ.

મહારાજ:-ભગવાનની દયાથી મટી જશે. ચિંતા ના કરશો. જાઓ ભગવાનનું ભજન કરજો ડોસા. "બહુ સારુ મહારાજ. આપ તો દયાળુ છો, ભગવાન છો." આમ કહી તે પગે લાગીને પોતાનું દુઃખ ભાગી ગયું જાણી પ્રસન્ન થઈ ચાલવા માંડે છે.

પછી મિયાંગામથી આવેલા એક વાણિયાને પૂછે છે. કેમ ભાઇ! તમારે શું પૂછવું છે? આ વાણિયો બોલે તેટલામાં એક બાઇ બેચાર ગાઉથી પોતાને ગામથી આવેલી તે દાદરો ચઢીને કહે છે, પગે લાગું મહારાજ.

મહારાજ:-આવો બા, શું કામ છે ?

બાઇ:-મહારાજ! આ અમારા ખેતરમાં કૂવો ખોદીએ છીએ, અને ઘણુંએ ખોદ્યું પણ પાણી આવતું નથી. હવે અમે થાકી ગયાં છીએ. લોકો કહે છે કે હવે નકામી મહેનત



ના કરશો. પાણી નહિ આવે. તો મહારાજ! અમે ખોદીએ કે નહિ ?

મહારાજ:-જાઓ ખોદો બા. પાંચ સાત હાથ બીજું ખોદો એટલે પાણી આવશે.

બાઇ:-મહારાજ પાણી મીઠું આવશે કે ખારું ?

મહારાજ:-મીઠું આવશે બા-હવે કંઇ પૂછવું છે ?

બાઇ:-ના મહારાજ. એજ.

આટલું કહી પગે લાગી પોતાને ગામે જાય છે.

વાણિયો:-મહારાજ! મેં આ વર્ષે વ્યાપાર કર્યો છું. તેમાં મારું શું થશે ?

મહારાજ:-તમે શું રૂ નો સટ્ટો કર્યો છે ?

વાણિયો:-હા મહારાજ. પણ હું ભારે ખોટમાં છું.

મહારાજ:-તમને શનિ નડે છે, અને સાડાસાત વર્ષની પનોતી છે એટલે તમને લાભ થવાનો સંભવ નથી.

વાણિયો:-પણ મહારાજ! આ ખોટ પૂરવાને કંઇ વેચું કે ખરીદું ખરો કે નહિ ?

મહારાજ:-તમે જે કંઈ કરશો તેમાં તમને ખોટ જ આવશે એવા તમારા ગ્રહ છે. માટે જે સોદો કર્યો છે, તેને જે ખોટ આવે તે ખાઇને કાપી નાખવો એ સારું છે. પછી તો તમારી મરજી. આ તો મને જે સમજાય છે. તે હું તમને કહું છું. હું કંઈ પરમેશ્વર નથી. હવે કંઇ પૂછવું છે?

વાણિયો:-ના, બાપજી એટલું જ.

મહારાજઃ-તો તમારા ગ્રહ નબળા છે, માટે તમારે કશું જ કરવું સારું નથી, એમ મારું ધ્યાન પહોંચે છે.

—※—

મુગટરામજી મહારાજ પોતે જેમ દૂરસ્થ વસ્તુ જોતા તેમ ઇચ્છા થાય તો બીજાને પણ તે સહજ બતાવી શકતા, એ તેમનું સામાન્ય ઐશ્વર્ય ન હતું. આપણને પોતે શ્રીમુખે કહે તો, પોતે જે કહે તે વસ્તુ, કે તે દેશ આપણને તરત જ ખુલ્લાં નેત્રે જોતા હોઇએ તેમ જણાવા લાગે.

પોતાના મુખમાંથી જે શબ્દો નીકળ્યા તે સિદ્ધ થયા સમજવા. આવા પ્રસંગે તેઓની ભાષા પણ બહુ અદ્‌ભુત નીકળતી. (ક્રમશઃ)

અભિમાન કરજ કરવા માગતું નથી, ઘમંડ એ ચૂકવવા ઇચ્છતું નથી.

IS:10001

ઓ. ૨૫૬૧૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# દિવ્ય અવસર

—કલ્યાણ

તા. ૧૮-૩-૮૯ ની પૂણ્યતિથિના સત્સંગ સમારોહમાં ઉપસ્થિત રહેવા સદ્‌ભાગી બન્યા તેઓએ એક દિવ્ય અવસરનો લ્હાવો માણી લીધો. ગુરુદેવપ્રભુએ જે પાવનભૂમિને સૂક્ષ્મ જગતમાં પ્રકટવા માટે નિમિત્ત બનાવી તે ભૂમિના દર્શને કંઇ કેટલાયે જીવોના અંતઃકરણમાં પ્રેરણાની પાવન ગંગા પ્રકટાવી. આ પાવન પ્રસંગે પૂ. માના અલૌકિક સાંન્નિધ્યમાં ત્રણ દિવસના ત્રિવેણી સંગમમાં જેમણે સ્નાન કર્યું તેઓએ અનેક તીર્થોનાં દર્શનનું પૂણ્ય જાણે આત્મસાત કરી લીધું! જે જે પૂ. મા અને ગુરુદેવપ્રભુ પ્રત્યે શ્રદ્ધાનું ભાથુ બાંધી અહીં તીર્થદર્શને આવ્યા તેઓને પૂ. મા અને ગુરુદેવપ્રભુએ એવું તો અખૂટ ભાથુ બાંધી આપ્યું કે જે અનેક જન્મોની જીવનવાટમાં બળ પૂર્યા કરે. એ પવિત્ર તીર્થસ્થળની આપણે પણ મનોમન યાત્રા કરી લઇએ.

તા. ૧૮-૩-૮૯ના રોજ કાંદિવલી મુંબઇના લક્ષ્મીનારાયણ મંદિરમાં એ પૂણ્યપ્રભાતે આઠ વાગ્યે પૂ. મા પધાર્યા છે. શાંત અને પવિત્ર વાતાવરણમાં ગુરુદેવપ્રભુની સ્તુતિ અને સ્તવનમાળાઓના પ્રેમગાનથી વાતાવરણ ગુંજી રહ્યું છે. ગુરુદેવપ્રભુની પૂરાકદની ચાર મોટી પ્રતિમાઓથી સભાખંડ શોભી રહ્યો છે. એ પ્રતિમાઓ એટલી તો સજીવ છે કે જાણે હમણાં બોલી ઉઠશે કે "અમે કયાંય ગયા નથી અહીં જ છીએ." અને હા. જેઓએ સાચા અર્થમાં દર્શન કર્યાં તેઓ પામી શકયા કે ગુરુદેવપ્રભુ અહિંયા જ છે, પૂ. માના

પ્રત્યક્ષ દર્શનમાં! અને પૂ. માના દર્શનની તો શું વાત કરવી! પૂ. મા આ પૃથ્વીના રંગમંચ પર જે પાઠ ભજવી રહ્યાં છે તે ભૂમિકાને આત્મસાત કરવા માટે જીવ જ્યાંસુધી ભૂમિકાનું સર્જન ન કરે ત્યાંસુધી એ પરમશક્તિનું રહસ્ય હાથ થવું અતિ દુર્લભ છે. છતાં પૂ. માનું દર્શન એ દર્શન છે. એ શુભ્ર વસ્ત્રાવૃતા શ્રીવિગ્રહમાં શું નથી? ઉડીને આંખે વળગે તેવું દર્શન તપના તેજનું છે. એ તપના તેજમાંથી પ્રકટેલી પ્રસન્નતાનું દર્શન એ પ્રફુલ્લિત મુખારવિંદ પર કોને નહિં થયું હોય? નિર્દોષતાને સ્વયં પ્રકટેલી કયારેય જોઇ છે? જરા ઝીણી નજરે જોવાની ટેવ પાડીશું તો એ દૈવી હાસ્યના હિલ્લોળમાં પ્રકટેલી દેખાશે. એ નયનોનાં દર્શને આપણે એવા તો પ્રેમ પારાવારમાં ખોવાઇ જઈએ કે એમાં ખોવાયેલા રહેવાનું જ ગમે! આ દિવ્ય શૃંગાર સજીને પૂ. મા અત્યારે રંગમંચ પર બિરાજ્યાં છે. એ દિવ્ય દર્શન અને વાતાવરણની સજીવતા જ એવી છે કે આપણી મોહમયી મુંબઇ નગરીમાં બેઠા છીએ એ સ્થળકામનું ભાન રહેતું નથી. આવા ઉમંગભર્યા વાતાવરણમાં આ સત્સંગના મંગળ મહોત્સવનો શુભારંભ પૂ. માના આદેશાનુસારના લેસ્ટર–ઇંગ્લાંડથી પધારેલા શ્રી મંગળાબેન પાબારીના શુભ હસ્તે દીપ પ્રકટાવી થાય છે. આ પ્રસંગે પૂ. મા પૂ. શ્રીના અનન્ય ભકત શ્રી દ્વારકાદાસ પાબારીની પૂણ્ય સ્મૃતિને યાદ કરી ભાવાંજલિ આપે છે. પવિત્ર સમારંભના પ્રાણ સમી પ્રાર્થના શ્રી સુશીલાબેનના મધુર કંઠે ગવાય છે.

જય જય હે ભગવતી સુર ભારતી
તવ ચરણે પ્રણામ હો.

પછી તો આ સુર ભારતીની સત્સંગ સરિતા એવી તો



વહી કે એમાં તરવાને બદલે ડૂબવાનું જ ગમ્યું.

પૂ. માએ જીવન ભાથુ બંધાવતા પૂ. શ્રીના દિવ્યસુર વહેતા કર્યા.

આ જીવનના પૂણ્ય પ્રવાસે
એકલ આવી એકલ જાવું,
અંતરની વીણા પર નિશદિન
ગીત સનાતન એકલ ગાવું.
આશા કેવળ એકજ મારી
ધ્યેય તણું વિસ્મરણ ન થાયે,
પૂર્ણ કરું યાત્રાને જ્યારે
પાછળ પગલાં પુનિત પડાયે.

પૂ. મા કહે "ધરતીને ધન્ય કરતા હોય તેમ આ પવિત્ર સ્થાન પરથી પ્રયાણ કરતા તેઓએ આ જીવન સંદેશ સાર્થક કર્યો હતો. યાતના અને ત્રાસથી ભરપૂર આ જીવનયાત્રામાં જે પોતાના સનાતન સાથી તરીકે પ્રભુની વરણી કરે છે તેના પર તેનો વરદહસ્ત સદાય ફરતો રહે છે. ૧૮ માર્ચ ૧૯૮૪ ના રોજ જ્યારે પૂ. શ્રીની જીવનયાત્રાની સ્થૂલ હાજરી સમાપ્ત થઇ ત્યારે કેટલાકને એમ થયું કે સર્વેશ્વરીનું ભાગ્ય લૂંટાયું. પરંતુ ના, બીજી જ ક્ષણે સુક્ષ્મ જગતમાં પ્રકટી અમારા એ ઇષ્ટદેવ, સહાયક અને માર્ગદર્શક બની રહ્યા. અમારા માટે સાધનાપંથના દરવાજા ખોલી નાખ્યા. સતત સંનિધિની પ્રેરણા આ સ્થળે આપતાં કહ્યું "સાધનાપંથે પ્રયાણ કરો, લાગી જાઓ, મંડી પડો. આજનો પ્રસંગ અમારા માટે પ્રેરણાદાયી છે. અમે તો સર્વસમર્પણ કરી અનુભવી જોયું છે."

ગુરુદેવની પાવન પ્રીતડી જોઈને હરખાઈ હું,
સર્વ સમર્પણ કીધું ચરણે ના કદી ભરમાઇ હું.
જગ જાણે ભાગ્ય લુંટાયું, સર્વેશ્વરીના જીવન તણું,
જાણે શું અજ્ઞાની જીવ એ, નવજીવનનું ભાથુ મળ્યું.
અનુભૂતિના અદ્ભુત ભંડારો, ઉઘાડવાને કર્યું પ્રયાણ,
સર્વેશ્વરીને સંદેશ ધર્યો, સાધનામાર્ગે કરો પ્રયાણ,
પામી લેવા દિવ્ય રત્નને, પ્રાણાન્તે પુરુષાર્થ કરી.
પ્રભુના પંથે પૂર્ણ ઝુકાવી, જીવન પરમાનંદે ભરો,
"અમે પડખે ઉભા છીએ કરો સાધના"

એ આદેશ અમને મળ્યો, અને એ આદેશ અમે સર્વ સમર્પણ કરી ઉપાડી લીધો છે. એ શ્રી ચરણોના આધારે આજે અમારી જીવનયાત્રા ચાલી રહી છે. આજે પાંચ વર્ષ-પછી આ ભૂમિ પર બેસવાનું અમને સદ્ભાગ્ય મળ્યુ છે, ત્યારે આર્ષદૃષ્ટા અમારા પ્રભુના શબ્દો કેટલા સત્ય કર્યા છે! પાંચ પાંચ વર્ષ સુધી સાધનાત્મક જીવનની પગદંડીનો એ અમારો માર્ગદર્શક ભોમિયો રહ્યો છે. ભલે એ ન દેખાય, પરંતુ એ અમને દોરી રહ્યો છે. સંસારના સર્વે સગપણો એમણે સાર્થક કર્યાં છે. આજે અમે જે કંઇ છીએ તેમાં એ સદ્ગુરુનો સાથ છે. અમે જણાવતાં ગૌરવ અનુભવીએ છીએ કે તે અમારી પડખે ઊભો છે.

પડખે આવી ઊભો છું, નિહાળી લેજે નેહે તું,
હજાર હાથે રક્ષુ છુ, પ્રાણથકી છે પ્યારી તું.
સાથ ફરુ છું ચરણ વિના, વાત સુણી લઉં કર્ણ વિના,
અસત્યને મે સત્ય કર્યું, ડૂબતું નાવ સહજમાં તર્યું.
નિશ્ચિંત બનાવી છે તને ફિકર બધી છે તારી મને,
સર્વેશ્વરી તું સુણી લે વાત, યોગેશ્વર હું તારો નાથ.



સઘળાં કાર્યો ઉકેલું છું, ભગવત રૂપે બેઠો છું,
ઉપકારો એ ભૂલીશ નહિ, જીવન સરિતા જાય વહી.
ધીરજ ને હિંમત ધરજે, કાયમ કાજ મને વરજે."

એ ગયા નથી પણ પ્રકટ્યા છે, એનો અમારું જીવન પ્રત્યક્ષ પુરાવો છે. ફરીથી તેમને પ્રત્યક્ષ પ્રકટાવવા માટેની અમારી આ મથામણ છે. હજુ તો પાંચ જ વર્ષ થયાં છે. ૨૫૦ જેટલા આધ્યાત્મિક અનુભવો આપીને પ્રભુએ અમારી શ્રદ્ધાને બળવત્તર બનાવી છે. પ્રભુ! તમે અમારી સાથેજ છો, પાસેજ છો, પરંતુ એથી અમને સંતોષ નથી, અમે તમને આ પૃથ્વી પર પ્રત્યક્ષ રૂપે પ્રકટાવવા માગીએ છીએ. પછી ભલે અમારે એ માટે અનેક જન્મો સુધી તપવું પડે તો પણ તૈયાર છીએ. અમે જે શ્રી ચરણોને પકડ્યાં છે તેને છોડાવવા કોઈ શક્તિમાન નથી. ફરીથી આજે અમારી પ્રાર્થના સાંભળી લે.

"શ્રદ્ધા ન ડગાવીશ, ધીરજ અચળ રાખજે" પૂ. મા-ની વાણીના પ્રતાપ અને તેજસ્વીતાનું વર્ણન શક્ય નથી. જેઓ શ્રદ્ધાપૂર્વક એ વાણીના આસ્વાદને માણે છે, તેજ તેની અંદર રહેલી દિવ્યતાને પામી જાય છે. આજે આ પવિત્ર સ્થળે પૂ. માના અંતરમાંથી પ્રકટેલી પ્રેમવાણી ઇતિહાસ બનીને અમર બની જશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. આજે પૂ. માએ આ પવિત્ર સ્થળે બેસીને શ્રદ્ધા અને ભક્તિના જે પ્રેમ-ગાનનો પોકાર કર્યો તેના પ્રેમભર્યા પ્રતિઘોષની આશા સાથે પૂ. મા એ ગાયું.

"પોકારી પોકારી થાકુ, તોય તમે સાંભળો ના,
તોયે મારો બંધ કર્યું, કદી ના પોકાર.

આંસુ ના લુછો ભલેને, આશ્વાસન આપો નહિ,
વહાવું અખંડ તોયે, આંસુ કેરી ધાર.
લાત મારશો છતાંયે ચાહીશ એ ચરણોને,
તીરસ્કારશો છતાંયે, આવીશ હું દ્વાર.
ભૂલી જશો ભૂલવા કહેશો, હું તો સ્મરીશ તને,
માળાને જપી રહીશ, હું તો શ્વાસે શ્વાસ."

આ અટલ શ્રદ્ધા સાથે પૂ. માએ તો ઝુકાવ્યું છે ત્યારે પેલી પંક્તિ કેટલી સાર્થક કરે છે.

"તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને,
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખણુ હારા દાઝે જોને."

આ પૂ. માને તપની આકરી ભઠ્ઠીમાં શેકાતાં જોઇને જોનારાઓ દાઝી રહ્યા છે. જ્યારે પૂ. મા ગાઈ ઉઠ્યા છે.

અણુએ અણુમાં આનંદ હેલી,
મસ્ત બનીને નાચી.

હવે તો સૂર્ય ક્ષિતિજે આથમ્યો છે પરંતુ અહીં તો પ્રેમભક્તિનો સૂર્ય પ્રકટ્યો છે. બસ ગાતે રહો.

ગોપાલા ગોપાલા રાધે નંદલાલ,
ગોવિંદા ગોપાલા રાધે નંદલાલ.

---

અંબાજીમાં ક્યાં ઉતરશો ?
"સ્વર્ગા રોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગા રોહણ", દાતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

---



# પૂ. મોટા--પ્રેરક પ્રસંગો (ગતાંકથી ચાલુ)

મૂળ લેખક : પૂ. શ્રી મોટા
સંપાદક : કાંતિલાલ જ. પટેલ

મને હિસ્ટીરિયાનો રોગ થયો હતો. આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદા કાંઠે જવાનું બનેલું. ત્યારે નર્મદા નદીના મોખડી ઘાટ પર એક રણછોડજીનું મંદિર છે, ત્યાં થોડા દિવસ રહેલ. ત્યાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવા ચાકરી કરું. ત્યાં પણ આ શરીરને ચાર પાંચવાર હિસ્ટીરિયાનો હૂમલો આવેલ. ત્યાંથી નીકળતી વખતે તે સાધુ મહારાજને હું પગે લાગ્યો, અને તેમના આશીર્વાદ માગ્યા. તેઓશ્રીએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાથી રોગ મટી જશે એમ કહ્યું. પરંતુ ત્યારે મેં એમ વિચાર્યું કે 'આ સાધુ મહાત્માએ જંગલની કોઇક જડીબુટ્ટી આપી હોત, તો તેમાં મને વિશ્વાસ બેસત. પરંતુ માત્ર ભગવાનના નામ-સ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રદ્ધાપ્રેરક નહોતું લાગ્યું.

આ બનાવ પછી હું તો વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં મારાં એક આધ્યાત્મિક મા રહેતાં હતાં. તેમના મકાનમાં ત્રીજે માળે શરીરને હિસ્ટીરિયાનો હુમલો થવાથી શરીર દાદરથી ગબડતું ગબડતું છેક નીચે બીજે માળે પડયું ને ઇંટોની પરસાળમાં ઘસાયું અને છોલાવાથી શરીરે સાધારણ લોહીની ટશરો પણ ફૂટી હતી. તે કાળે કંઇક જરા ભાનમાં આવતાં નર્મદાનાં તે સાધુ મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું, 'અલ્યા! ભગવાનનું સ્મરણ કરી તો જો! પ્રયોગ

કરી જોવામાં તારું જાય છે. શું ? આ બધી બનેલી હકીકત મેં મારી આધ્યાત્મિક માને જણાવી. મારી આવી હકીકત સાંભળીને તે તો બહુ રાજી થયાં. તેમણે કહ્યું, ' અલ્યા ! ચુનિયા ! તું તો ભારે બડભાગી છો. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ જ કર્યા કર. ઊઠતાં બેસતાં, હરતાં ફરતાં, ખાતાં પીતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા.

એ વખતે મને સાધુ મહાત્માનાં વચનો કરતાં પણ મારાં આધ્યાત્મિક મા પ્રભાબાનાં વચનોમાં વધુ શ્રદ્ધા હતી. બીજી અડગ શ્રદ્ધા હતી ગાંધીજી પર. તેથી ગાંધીજી પર પત્ર લખી પૂછાવ્યું કે નામ સ્મરણથી રોગ મટે ખરો ? ગાંધીજીએ જવાબ આપ્યો કે ભગવાનનું નામ સ્મરણ કરવાથી રોગ માત્ર મટી જાય. આથી નામ સ્મરણની શ્રદ્ધા બલવત્તર બની. નામ સ્મરણ શરૂ કર્યું. સમય વધારતો ગયો. ભગવાનનું સ્મરણ ન કરી શકાય તે દિવસે ન ખાવાનો દૃઢ સંકલ્પ કર્યો. આ સંકલ્પ ફળ્યો. નામ સ્મરણ વધતું ચાલ્યું અને ઈશ કૃપાથી રોગ દૂર થયો.

હવે પૂ. મોટાને નામ-જપની અખંડ સાધનામાં આનંદ આવવા લાગ્યો. નામ-જપ દ્વારા જ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે તેની પ્રતીતિ થવા માંડી. દિવસ-રાત નામ જપની લગન લાગી. ૧૬-૧૬ કલાક સુધી નામ સ્મરણ થવા લાગ્યું. અખંડ નામ સ્મરણ સાધનાનું તપ સિદ્ધ થયું.

*

અત્યંજ સેવા મંડળે બોરસદ તાલુકાના બોદાસ ગામે અત્યંજ આશ્રમ શરૂ કરવાનો નિર્ણય કર્યો. ( અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો ઘટે છે કે તે સમયે આઝાદીની ચળ-



વળના શ્રી ગણેશ મંડાઇ ચૂકયા હતા. ગાંધીજીના આદેશને માન આપી અનેક યુવાનો અને યુવતીઓએ અંગ્રેજી શિક્ષણનો બહિસ્કાર કરેલ અને ગામડામાં રચનાત્મક કાર્યમાં લાગી ગયા હતા. તેમાં ભવિષ્યના બે સંતો પણ હતા એક તો ચુનીલાલ પૂ. શ્રી મોટા અને પાંડુરંગ વળામે શ્રી રંગ અવધૂતજી ) ચુનીલાલ સૌ કાર્યકરોની સાથે ગયા. એક બાજુ ઠક્કર બાપા સુતા હતા.

રાતે એક ઝેરી નાગ ચુનીલાલની સાંથળે કરડ્યો. મગજમાં સખ્ત ઝટકો લાગ્યો. ગાંધીજીની સૂચના યાદ આવી કે જેને સાપ કરડ્યો હોય તેને બેભાન થવા ન દેવાય. તેમણે જાગતા રહેવા માટે ' હરિ ઓમ 'ના જપ જપવા માંડ્યા. તેથી બધા જાગી ગયા. સૌને ખબર પડી. તેમને સાપ ઉતારવા માટે બે-ત્રણ ગામે લઈ જવામાં આવ્યા પરંતુ કશું પરિણામ ન આવ્યું. છેવટે આણંદ ડૉ. કુકના દવાખાને લઇ ગયા. ડૉકટરે તેમની હોજરીમાંથી ઝેર કાઢી નાખી તપાસ કરાવી. તેઓ નવાઇ પામ્યા. ઝેર ખૂબ જ કાતિલ હતું. ચુનીલાલની જગ્યાએ બીજું કોઇ હોત તો ન જ બચી શકત. ડૉકટરે પણ કહ્યું કે બચી જવા પાછળ ઈશ્વરના સતત નામ-સ્મરણ દ્વારા ઈશ્વરની કૃપા જ કારણભૂત છે. ચુનીલાલે આ વખતે સતત ૭૬ કલાક સુધી અખંડ નામ-જપ કર્યા હતા. આમ સર્પદંશ આશીર્વાદ રૂપ થયો. પછીથી તો અખંડ નામ-સ્મરણ સહજ થવા લાગ્યું.

*

અખંડ નામ સ્મરણ ચાલુ જ હતું. છતાં મનની તૃષા છીપી ન હતી. તેમણે જુદા જુદા અવધૂતોનો પરિચય સાધવા માંડ્યો. સાધનામાં દૃઢતા આવતી જતી હતી. નડિયાદના

સંતરામ મંદિરમાં સાધુ મહાત્માઓનો સત્સંગ કરવાનું તેઓ ચૂકતા નહિ. વર્ષમાં સમય કાઢી એકાદ માસ સમય કાઢી કયાંક એકાંત, નિર્જન સ્થળે એકાંતિક સાધના માટે ચાલ્યા જતા.

સાધનાના માર્ગે જેમ જેમ આગળ વધવા માંડ્યા તેમ તેમ વિઘ્નો તથા પ્રલોભનો પણ આવતાં રહ્યાં. મેલીવિદ્યાના ઉપાસક એક પંડિતજીએ પ્રલોભન આપી પૂ. મોટાને એ માર્ગે વાળવા કોશિશ કરી. પણ તેમને એ માર્ગ ગળે ઊતર્યો જ નહિ. તેમને લાગ્યું કે મેલીવિદ્યાની સાધનાથી જો તેનો વિષય સાકાર રૂપ ધારણ કરી શકે તો ભગવાન પ્રત્યેની ઊર્ધ્વગામી સાધનાનો વિષય સાકાર રૂપ કેમ ધારણ ન કરે? આવા વિચારથી એમની સાધનાના અભ્યાસમાં વિશ્વાસ અને શ્રદ્ધાથી નવો પ્રાણ પુરાયો.

એક વખત એકાંતિક સાધના માટે નર્મદાના ધૂંવાધાર સ્થળે ગયા. ધોધના ભયંકર અવાજથી સામાન્ય લોકો ગભરાઇને ભાગે, ત્યાં ડાબી બાજુએ એક ગુફા જેવું જોતાં તેમાં બેસીને સાધના કરવા આંતરસ્ફૂરણા થઇ. ધ્યાનમાં બેઠા અને આખો દિવસ ગુફામાં પસાર કર્યો.

ઉપરાંત મધ્ય પ્રદેશમાં ઉપરથી દોરડું બાંધીને ઊતરાય એવા ખડકમાં પેદા થયેલા કૂવા જેવા સ્થળે ૨૪-૨૫ દિવસ આહાર-પાન વિના સ્વમૂત્ર પીને રહેલા. આ રીતે ચુનીલાલ ભગતે ( પૂ. મોટાએ ) અઘોર પંથની સાધના પણ કરી.

આમ બધી જ સાધનામાં આગળ વધી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા પ્રયત્નશીલ હતા. પરંતુ પોતાનો પુત્ર સ્મશાનમાં એકલો સુઇ રહે, દેશસેવાનું વ્રત લઇ સ્વેચ્છાએ ગરીબી



સ્વીકારે એ ચુનીલાલ ભગત( પૂ. મોટા )ની માતાને ગમતું નહિ. માતાએ પુત્રને સાંસારિક જાળમાં બાંધવા વિચાર કર્યો. ચુનીલાલની ના છતાં તેણે તો લગ્ન કરાવવાની તૈયારી કરવા માંડી. માતાએ નડિયાદ પધારેલા ગોદડિયા સ્વામી પાસે જઇ ફરિયાદ કરી.

માતાની તીવ્ર લાગણી અને માગણીને, આજ્ઞાપાલનના હેતુથી સ્વીકારી ચુનીલાલ લગ્ન માટે તૈયાર થયા. લગ્ન લેવાયાં. લગ્નમંડપમાં મનોમન પ્રાર્થના કરવા માંડી. 'હે પ્રભુ! તે આ શું નાટક રચ્યું છે? લગ્ન તો મારે તારી સાથે કરવાં હતાં તેને બદલે આ શું થઈ રહ્યું છે પ્રભુ! તારી ઈચ્છા પૂર્ણ થાઓ.'

પ્રાર્થના કરતાં કરતાં ભાવસમાધિમાં મગ્ન બની ગયા. કન્યા નાની હોવાથી લગ્ન બાદ તેને પિયર વળાવી દેવામાં આવી. કન્યા પિયરમાં સખત બીમારીમાં પટકાઇ અને પાંચેક માસમાં અવસાન થયું. ચુનીલાલ ભગતની સ્થિતિ ભક્ત નરસિંહ જેવી જ થઈ. ભલું થયું ભાંગી જંજાળ' સંસારની જાળમાંથી આપો આપ જ મુક્તિ મળી ગઇ.

*

મોટાભાઈની ક્ષયની બીમારી તેમજ પોતાના લગ્ન પ્રસંગે સ્થિતિ સંપન્ન માસી પાસે કરજ કરેલું દેવું કેમ ભરાશે એ ચિંતા તેમને કોરી ખાવા લાગી. માસીએ બેફામ શબ્દોમાં ગાળો આપી જલદ ઉઘરાણી કરી. ચુનીલાલ ભગત નતમસ્તકે સાંભળી રહ્યા. આ પ્રસંગની ચોટ તેમને બહુ જ લાગી. તેમનું હૃદય વલોવાયું. આર્જવતાથી પ્રભુને પ્રાર્થના કરવા માંડી. સંપૂર્ણ શરણાગતિથી 'હરિને ભજતાં...ભજન ઘૂંટ્યા કર્યું'. એમની આર્ત વાણીના પ્રત્યુત્તર રૂપે માસીના દેવાની રકમ મનીઑર્ડરથી તેમને મળી ગઇ. ચુનીલાલની આંખમાં

હર્ષાશ્રુ આવ્યાં, શ્રદ્ધા બલવત્તર બની. ઈશ્વર હાજરાહજૂર છે એ વાતની પ્રતીતિ થઇ.

ત્યાર બાદ ૧૯૩૦ ની સત્યાગ્રહની લડતમાં જેલયાત્રા સ્વીકારી. જેલમાં પણ મૌન રાખી સાધનામાં જ મશગૂલ રહેતા. તેમની સાધનાને કારણે દરોગો ફટકાની સજા કરવા જતો પરંતુ ત્રાટક દ્વારા જ લાકડી વીંઝાતી અટકી જતી. જેલરને પણ તેમની પાસે કંઈ વિદ્યા હોવાની ખાતરી થઇ.

૧૯૩૨ માં સમસ્ત ગુજરાતના હરિજન કાર્યના મંત્રી તરીકેની જવાબદારી સંભાળી. નમ્રતા, ત્યાગ, પ્રેમ, પ્રામાણિકતા. વગેરે ગુણો દ્વારા સૌની ચાહના મળી હતી. આશ્રમવાસીઓ પણ તેમને ખૂબ જ ચાહતા. સક્રિય કાર્યકર તરીકે કામ કરતાં કરતાં ભગવાન પર ભરોસો રાખી, શરણાગતિ સાથે પ્રભુભજન કર્યે રાખતા. તેમની ઉત્કટ નિરંતર સાધનાના ફલસ્વરૂપે ૧૯૩૪ માં તેમને સગુણ સાક્ષાત્કારરૂપે શ્રી કૃષ્ણનાં દર્શન થયેલાં. સને ૧૯૩૯ ની રામનવમીએ અદ્વૈતનો સાક્ષાત્કાર થયો.

પછીથી તેમણે 'હરિજન સેવક સંઘ'નું કામ છોડી જે જીવ આવે તેને ઈશ્વર પ્રત્યે અભિમુખ કરવા સહાયભૂત થવા મનથી નિર્ણય કર્યો.

ચુનીલાલનાં માતુશ્રીને જાણ થવાથી તેમના સ્વભાવ પ્રમાણે તેમને બોલાવીને ઠપકો આપ્યો. અને કહ્યું કે પાશેર ચણ ચકલાંને દાણા નાખવા મળતા નથી. તું આટલી નાની નોકરી છોડી શો જગ જીતી જવાનો છે? ભગતે માતાને ખૂબ સમજાવી તેમને માસિક પાંચ–છ રૂપિયા મળે એવી વ્યવસ્થા કરી. માતાએ એ સમયે એક શરત મૂકી કે જયારે હું મરી જાઉં ત્યારે અંતઘડીએ તારે હાજર રહેવું. ભગતે માતાને એ મુજબનું વચન આપ્યું.



ત્યાર બાદ સિંધિયા નેવિગેશન કું. ના મેનેજર શ્રી પરસદભાઇની બે પુત્રીઓની સંભાળ લેવા ભગતને બનારસ જવું પડ્યું. હજુ બનારસ આવ્યે દોઢેક માસ જ થયો હતો ત્યાં પાછળથી માતાને ગંભીર માંદગી આવી. બનારસ યુનિવર્સિટીનો નિયમ હતો કે વિદ્યાર્થીની સાથે વાલી રહે તો જ મકાન ભાડે મળે.

પરસદભાઈએ સૂચવ્યું કે દીકરીઓને કોઇ સંબંધી પાસે મૂકી નડિયાદ આવી જાય. ભગતને મથામણ થઈ. કોની પાસે દીકરીઓને મૂકાય? કોઇ સંજોગોમાં નડિયાદ નહિ જવાય એમ તેમને લાગ્યું. આવા વિકટ સમયમાં ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય બીજો માર્ગ નથી. માતાને આપેલું વચન પાળી શકાશે નહિ, તેનું દર્દ તેમને સાલતું હતું. તેમણે મૌન ધારણ કરી પ્રાર્થના કરી.

"હે પ્રભુ! મારી માતા પાસે સ્થૂળદેહે હાજર થવા માટેનો મારો નિર્ણય છે. આ કામ તારા સિવાય બીજું કોણ કરી શકે? સાધના સમય દરમ્યાન મેં કોઇ દિવસ પ્રાર્થના રૂપે સ્થૂળ માંગણી કરી નથી. તારી કૃપાથી સંકલ્પ શક્તિનું સામર્થ્ય કેટલું પ્રબળ હોય છે. તેનું જ્ઞાન–ભાન મને પૂરેપૂરું છે. મારું વચન પાળવા મારી માતા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ભાવનાને તું જ સાકાર કરી શકે તેમ છે."

તેમની આર્ત પ્રાર્થના સમયે જ એકાએક વીજળી બત્તી બંધ થઈ ગઇ. ભગતને હૈયે વસી ગયું કે માતાનું દેહાવસાન થયું. જીવ ગયો. માતાના દેહાંતની ખબર ત્યાં રહ્યે ભગતને પડી હતી. તે પછીથી નડિયાદથી આવેલ પત્રમાં લખેલું હતું કે બાએ મૂળજીભાઇને બૂમ પાડી કહ્યું કે 'અલ્યા મૂળિયા જો આ ચુનિયો આવ્યો!' મુળજીભાઇએ કહ્યું કે 'ચુની-

લાલ તો બનારસ છે ' ત્યારે બા બોલ્યાં કે ' એ તો આ રહ્યો. ' મારા પગમાં માથું મૂકી બેઠો છે. મારા શરીરે હાથ ફેરવે છે. '

પ્રભુ કેટલો સમર્થ છે તેનો અનુભવ આ પ્રસંગ પરથી થયો. ચુનીલાલ ભગતની પ્રભુ શ્રદ્ધા અડગ બની.

આમ બાળપણમાં ' ચુનિયા ' તરીકે સંબોધાયેલ ચુનીલાલ ભગત આધ્યાત્મિક વિકાસ કરી સાચા અર્થમાં ' પૂ. મોટા ' બની ને જ જંપ્યા.

## સુધારો

માર્ચ, ૮૯ના અંકમાં સદ્ભાવભરી ભેટની પાદીમાં રૂા. ૧૦૦/ શ્રી વિનોદભાઈ જોષી છપાયેલું, પરંતુ તે ભેટ શ્રી પરેશકુમાર જયેન્દ્ર કાકા તરફથી હતી અને શ્રી વિનોદભાઈ મારફત તે મોકલી હતી.

શ્રી યોગેશ્વર કૃપા.

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# સુખદુઃખનો દાતા

જીતેન્દ્ર પંડ્યા

સંસ્કૃત ભાષામાં સુભાષિતોનો ભંડાર છે, આવું એક સુભાષિત છે–

सुखस्य दुःखस्य न कोपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः
स्वकर्म सूत्रग्रथितो हि लोकः ॥

અર્થાત, " જાતનાં કે જગતનાં, નિજનાં કે પરાયાં દુઃખનો કે સુખનો કોઇ દેનાર નથી. કોઈ આપણને સુખ કે દુઃખ આપે છે તેમ માનવું તે બુદ્ધિની ન્યૂનતા છે. તેમજ આ હું કરૂં છું, એ કર્તૃત્વપણાનું અભિમાન મિથ્યા છે. આ જગત કેવળ પોતીકાં કર્મથી ગુંથાયલું છે. "

આમ જગવ્યવહાર કર્માશ્રિત છે અને સુખ તેમ જ દુઃખ એ કર્મની નીપજ છે. આ કર્મસંગ્રહ સાંપ્રત સમયમાં કરાતાં કર્મનો હોય કે પછી પૂર્વ જન્મનાં સંચિત કર્મ જેને પ્રારબ્ધ કહીએ છીએ તે હોય. પ્રારબ્ધ પણ આ ન્યાયે ભોગવવું પડે છે.

કર્માનુસારી આ જગતમાં સૌ દુઃખની નિવૃત્તિ અને સુખની શોધ માટે રમમાણ રહે છે પણ વિશ્વની રચના જ એવી અટપટી છે કે તે " દુઃખપ્રધાન, સુખ અલ્પ થકી ભરેલું છે. જીવનમાં અમુક પરિસ્થિતિ એકને સુખ આપે તો બીજાને તે દુઃખદ લાગે; અરે ! જેને આજે જે પરિસ્થિતિ સુખદ લાગે છે તે કાલે એટલી સુખદ ન પણ લાગે અને

કદાચ દુઃખદ પણ લાગે. આમ સુખ પણ એકસરખું પ્રાપ્ત થતું નથી અને મનની અવસ્થા પ્રમાણે બદલાય છે માટે સુખ અને દુઃખ એ મનનો વિષય હોઇ આપણી દૃષ્ટિ પર તેનો બહુધા આધાર રહે છે.

આ દર્શાવતું મધુર કલ્પનાચિત્ર શ્રી ડોંગરે મહારાજે રજૂ કર્યું છે. એકનાથ, તુકારામ મહારાજ અને નરસિંહ મહેતાની તેમણે સહઉપસ્થિતિ કલ્પી છે. સંત એકનાથ વિઠોબા સમક્ષ પોતાની પતિવ્રતા પત્ની માટે સંતોષ વ્યક્ત કરે છે. તો પાછળ તુકારામ મહારાજ કર્કશા પત્ની સાંપડવા બદલ ઇશ્વરનો આભાર માને છે. કારણ તેથી ઘરની માયા જ નથી રહી જ્યારે નરસૈયો, ભક્ત હરિનો, 'ભલું થયું ભાંગી જંજાળ' કહીને પત્નીના અવસાનનેય આવકારે છે. વિભિન્ન પરિસ્થિતિમાં પણ સૌનો–ત્રિપુટીનો–પ્રતિભાવ એકસરખો છે, કારણ દૃષ્ટિનું સામ્ય છે.

આપણા ધર્મગ્રંથોએ–ગીતા જેવા આપ્તગ્રંથે તો ખાસ–તેમ જ ભક્ત કવિઓએ દુઃખમય અને મૃત્યુવશ જીવનમાં સુખાનુભાવના સાધનોમાય વર્ણવેલ છે. આપણી આચાર-સંહિતા આમ ઘડાય, આપણો અભિગમ બદલાય, જીવનની એન્ટીનાની દિશા ફેરવાય તો દુઃખ ઓછું નડે અને સુખ વધુ અડે.

(૧) જીવનમાં સુખ તેમજ દુઃખ અસ્થિર છે-आगमापायिनः અર્થાત્ આવવા જવાના સ્વભાવવાળાં છે. સ્થાયી પરમ શાશ્વત સુખ, સંસારનાં કોઈ દુન્યવી સુખમાં નથી. આમ સુખકાળ અવશ્યંભાવી ઘટના હોય તેના અનિત્યપણામાં શ્રદ્ધા રાખી દુઃખના દહાડા વીતશે અને સુખતો સૂરજ ઊગશે એવી શ્રદ્ધા કેળવવી.



"આગ ઝરે નભ,
તોય હસી હસી ફૂલ ઝરે ગુલમહોર
ભાઇરે, આપણા દુઃખનું કેટલું જોર?"

(રાજેન્દ્ર શાહ)

(૨) સુખ અને દુઃખ સિક્કાની બે બાજુ હોઇ, જન્મથી મરણ સુધીની દેહમાળાં સહગામી રહેવાનાં તેથી "સુખદુઃખ મનમાં ન આણીએ. ઘર સાથે રે ઘડિયા" કહેવાયું છે. જેને ટાળી શકાતું નથી તેનો શોક કેવો? तत्र का परिदेवना ।

(૩) दुःखे दुःखाधिकं पश्य। આ સોનેરી શીખ આપણને ગુરુચાવી સમાન છે. આપણો માનવસ્વભાવ એવો છે કે આપણે આપણા સુખની તુલના બીજાનાં સુખ સાથે કરવા પ્રેરાઇએ છીએ—આવી સરખામણી ભ્રામક છે અને તેથી આપણા સુખદુઃખનું નિશાન પણ ભ્રામક હોય છે. ટ્રેનમાં લૂંટાતો ઉતારુ પોતાને દુઃખી માને છે પણ સહપ્રવાસીઓએ જાન તેમજ માલ ગુમાવ્યા છે, જ્યારે પોતે બહાર ફેંકાઈ જવાથી જીવતો રહ્યો છે એમ બીજા વધુ દુઃખી જનોની સાથે જાતને સરખાવતાં એને સાંત્વન મળે છે. આપણાથી વધુ પીડિત, વ્યથિતને જોઇએ તો આપણા દુઃખની માત્રા ઘટે છે કારણ આપણે ઈશ્વરના અનુગ્રહથી બડભાગી ઠરીએ છીએ. સુખી માણસનું પહેરણ શોધવાની મિથ્યા પ્રવૃત્તિ તજવી રહી.

(૪) દુઃખને દુઃખ ન ગણવાની વૃત્તિ કેળવવાનું સામર્થ્ય પામવું. શ્રી ઉમાશંકરે કાવ્યમય બાનીમાં અને ભક્તની ખુમારીથી તે આબાદ મૂક્યું છે—"પ્રાપ્ત થતો જે ઉપાધિ-યોગ બની રહો તે જ સમાધિયોગ." સુખદુઃખને અપરાજિત ચિત્તે ઉપાસવાની આવી જ હિમાયત ટાગોરે પણ કરી છે.

(૫) ડોંગરેજી મહારાજ દુઃખમાં કોઇ માનવીનો આશ્રય ન લેતાં, ભગવાનના એકજ આધારે સુખી થવાની ચાવી બતાવે છે–"તમારા દુઃખની કથા કોઇ માનવને નહીં, ભગવાનને કહેજો. કહેજો કે હું બહુ દુઃખી છું. મારી આ દશા છે. તે તમને ઘણું ઘણું આપશે." ટાગોરે પણ એમ જ દોહરાવ્યું છે કે મારી ભીડું ભાંગો 'એવું યાચતો નથી પણ દુઃખમાં ય તમારા પરની આસ્થા તૂટે નહીં એવું કરો. આમ માલિકની મરજીને ખુદાની ખેરાત ગણી તેનો અવિરોધ સ્વીકાર કરી, તેની પાછળ ઈશ્વરની કરુણામય હાથ નીરખવાની વાત સ્વામી આનંદે પણ કરી છે. પુષ્ટિમાર્ગમાં શ્રીમદ વલ્લભાચાર્યે "નવરત્નમ્" માં આ વાત સરસ રીતે મૂકી છે.

" चित्तोद्वेगम् विधायापि हरिर्यद्यत्करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चितामदुनं त्यगेन् ।।"

ગીતામાં 'समदुःखसुखः' એ પુરુષવિશેષણ વારંવાર પ્રયોજાયું છે. અધ્યાય ૨ માં તેમજ અધ્યાય ૧૪ માં પણ– सुखदुःखे समे कृत्वा । વગેરે. તેમજ प्रसादे सर्वदुःखानाम् हानिरस्योपि जायते । ચિત્તની પ્રસન્નતા કેળવાય. આનંદ તિરોધાન થાય ત્યારે પણ સમભાવ જેટલી સ્વસ્થતા રખાય તો દુઃખની આત્યંતિક નિવૃત્તિ સધાય. કવિ મકરંદે સુંદર રીતે મૂક્યું છે કે "ભીતરમાં તૃપ્તિનું અક્ષયપાત્ર હોય તો પછી ભલેને રાનરાન ને ધાનધાન થવાનો વારો આવે, આપણા આનંદની ધજા કદી અરધી કાઠીએ થતી નથી." –(સહજને કિનારે) જરૂર છે અંતરમાં મતવાલા થવાની, કેવળ !

(૧૮–એ, જનવિશ્રામ સોસાયટી, અમદાવાદ–૧૫.)



(પૃષ્ઠ ૨૪ નું અનુસંધાન)

સમયથી બંધ રહેવાને કારણે માલની માટી થઈ ગઇ હોવાથી તે જીત હાર જેવી જ હતી.

બાલકૃષ્ણ મિત્ર પાસેથી છૂટો પડી પ્રદ્યુમનની દવા લેવા ગયો. વૈદે દવાના ચાર આના રોકડા માગ્યા પરંતુ પાસે બે જ આના હોવાથી એક સંબંધી પાસેથી ઉછીના લઇને દવા લીધી. તે ઘેર આવ્યો. પરંતુ ઉછીના પૈસા લઇને લાવેલી દવા નિરર્થક નીવડી. પુત્રનું અવસાન થયાનું જાણી વધારે આઘાત લાગ્યો. જમીન પર સૂતેલા મૃત બાળકને ઢાંકવા માટે કફન ન હતું. લલીતાબાએ કફન લઇ આવવા તેને કહ્યું ! કેટલી કરુણ સ્થિતિ !

છૂટક મજુરીમાંથી પેટ પૂરતું ખર્ચ માંડ માંડ નીકળતું. ખોરાકમાં દૂધ, ઘીનાં તો દર્શન પણ થતાં નહિ. મજૂરીને લીધે શરીર ઘસાવા લાગ્યું. ક્ષય રોગ લાગુ પડ્યો. અને છેલ્લી કક્ષાએ પહોંચી ગયો. ડોકટરે મોંઘી દવા લખી આપી. ઉપરાંત ઘી, દૂધ, ફળ વગેરે લેવાની સૂચના આપી. દવા સતત ચાલુ રાખવાની ઉપરાંત સૂકા પ્રદેશમાં હવા ખાવાના સ્થળે જવાની સલાહ પણ આપી. તે સંજોગોની સામે ડોકિયા કરી રહી હતી કારમી ગરીબાઈ. બાલુભાઇએ મનથી નક્કી કરી લીધું કે હવે જગત સાથે લેણ દેણ પૂરી થઇ ગઇ છે. તે આપારાવ લાયબ્રેરી તરફ ગયો. વાંચન–રસ તેને જીવનમાં કંઇક આનંદ આપતો. બાકી તો રોગગ્રસ્ત જીવન બોજારૂપ હતું.

બાલકૃષ્ણ કામનાથ મહાદેવ પાસેથી લાયબ્રેરી તરફ જવા પસાર થઇ રહ્યો હતો. ત્યાં તેને જબરી ઉધરસ ચડી. શરીર બેવડું વળી ગયું. કફ કાઢ્યો. ત્યાં તો કામનાથ મહાદેવમાં

કથા ચાલી રહી હતી. કથાકારના શબ્દો કાને પડચા, "રામનામ એ શ્રેષ્ઠ ઔષધ છે. તનના અને મનના રોગ પણ તેનાથી મટી શકે છે" બાલકૃષ્ણને કથામૃતના આ શબ્દોથી ભારે શાંતિ વળી. તેથી કથામાં જઇને બેઠો. બાળપણના સુસંસ્કાર ફરીથી જાગૃત થયા.

બીજે દિવસે પણ વ્યાસપીઠ પર વિરાજેલા શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રીની કથા સાંભળવા ફરીથી આવ્યો. કથાકાર શરણાગતિનો મહિમા સમજાવી રહ્યા હતા." તમામ પ્રકારની ચિંતા પ્રભુને સોંપી તેની શરણાગતિ સ્વીકારવી. પ્રભુ સૌ સારાં વાનાં કરશે."

બાલકૃષ્ણે આ જ ક્ષણે પ્રભુ શરણે જવાનો સંકલ્પ કરી લીધો. કથા પૂરી થતાં સારંગપુરના રણછોડરાયના મંદિરે ગયો. બાલકૃષ્ણ રણછોડરાયના ચરણે ઢળી પડી પ્રભુનું શરણું લઇને ચોધાર આંસુએ રડી પડચો અને અત્યાર સુધીના વ્યર્થ જીવન માટેના પશ્ચાતાપમાંથી જાણે નવજીવન પ્રાપ્ત થયું.

રણછોડરાયના મંદિરેથી હળવે હૈયે પાછા ફરેલા બાલકૃષ્ણભાઈને ઘેર શ્રી જી. કે. માવલંકરનો માણસ રાહ જોતો હતો. તેણે કહ્યું, "મને શ્રી માવલંકરે મોકલ્યો છે. ચોખા બજારમાં તૈયબ એન્ડ કું. માં અંગ્રેજી પત્રવ્યવહાર કરી શકે તેવા કલાર્કની જરૂર છે. તમે શ્રી માવલંકરને આજે જ મળી લેજો. તમારા માટે તેણે નોકરી શોધી રાખી છે. બાલકૃષ્ણને આ સમાચારથી અત્યંત આનંદ થયો. મનથી પ્રભુનો ઉપકાર માન્યો અને પ્રભુનું શરણું સ્વીકાર્યું" તો તેણે સંભાળ પણ લેવા માંડી. તે તરત માવલંકરને મળવા ગયા. તેમણે પ્રેમથી તેને આવકાર્યો અને તેઓ જાતે બાલકૃષ્ણને તૈયબ એન્ડ કું. માં લઈ ગયા અને તેની સુંદર કામગીરીનું રૂબરૂ પ્રમાણપત્ર



આપ્યું. બાલકૃષ્ણને નોકરીમાં રાખી લેવામાં આવ્યો. અંગ્રેજી પત્રવ્યવહાર ધીરે ધીરે ફાવી ગયો. ટાઇપ પણ શીખી લીધું.

શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રીના સંસર્ગમાં આવવાથી રામનામનું એવું તો રસાયણ પ્રાપ્ત થયું હતું કે શરીરમાં નવું ચેતન આવવા માંડયું હતું. નોકરીમાં ઠરીઠામ થવાથી બાલકૃષ્ણનું કવિહ્રદય ફરીથી ખીલી ઊઠયું. ઈશ્વરભકિતના રંગે રંગાયેલા હૈયામાંથી ભકિતગીતો હ્રદયના ઊંડાણમાંથી પ્રગટ થવા માંડચાં. અને રણછોડરાય સમક્ષ લલકારવા માંડચા.

માસુનાયકની પોળમાં રહેતા કેશવલાલ દૂધિયા જોડે બાલકૃષ્ણને મિત્રતા થઇ. ભજનનું ગુંજન કરતા બાલુભાઇને જોઈ કેશવલાલને નવાઈ લાગી. તેમના જીવન પરિવર્તનની વાત જાણી કેશુભાઇને આનંદ થયો. તેમણે છોટાલાલ ભગતના ભજનમાં આવવા બાલકૃષ્ણને નિમંત્રણ આપ્યું.

છોટાલાલ સુરતીના ભજનમાં બાલકૃષ્ણ અડધો કલાક વહેલો ગયો. બાલ્યાવસ્થાના સુસંસ્કારો ફરીથી જાગૃત થયા. વચમાં થોડાં વર્ષ ભજન, ભકિત અને ભગવાન ત્રણેને બાલકૃષ્ણ ભૂલી ગયો હતો. ભકિતનું જગત ભુલાઇ ગયું હતું. તેને હવે છોટાલાલ ભગતના ભજનમાં આનંદ આવવા લાગ્યો. જ્યાં જ્યાં છોટાલાલનાં ભજનો થતાં ત્યાં તે અચૂક પહોંચી જતા.

દુકાન બંધ કરી ચાવી અને ચોપડા શાહપુર માળીવાડાની પોળમાં રહેતા તૈયબ એન્ડ કું. ના ભાગીદાર શ્રી મફતલાલ શાહને ત્યાં પહોંચાડવાની જવાબદારી બાલકૃષ્ણ માથે હતી. આવી રીતે એકવાર ચાવી, ચોપડા પહોંચાડવા ત્યાં ગયો ત્યારે સીતારામ મહારાજના ભજનનો કાર્યક્રમ હતો.

આખી પોળ ભરાઈ ગઇ હતી. પરંતુ મહારાજ આવ્યા ન હતા. કેટલાક મિત્રોના આગ્રહથી બાલકૃષ્ણે ભજન શરૂ કર્યાં. મધુરકંઠે ગવાતાં ભાવવાહી ભજનોએ શ્રોતાઓનાં દિલ જીતી લીધાં. ભજનમંડળના આગેવાન શ્રી અંબાલાલ મગનલાલ પટેલને ત્યાં વારંવાર ભજનનો કાર્યક્રમ રખાતો. બાલકૃષ્ણ આવા કાર્યક્રમમાં રસભેર લાગેલ. મધુર કંઠે ગવાતા સ્વરચિત બાલકૃષ્ણનાં ભજનો શ્રોતાઓ મંત્ર મુગ્ધ થઇ સાંભળતા. ભજનમંડળને ઉપરાઉપરી આમંત્રણ મળવા માંડયા. ભજનમંડળને વ્યવસ્થિત કરી "બાલકૃષ્ણ ભજનમંડળ" નામ રાખવાની દરખાસ્ત આવી. બીજા સભ્યોએ ટેકો જાહેર કર્યો પરંતુ બાલકૃષ્ણે કોઇ વ્યક્તિના નામે મંડળ સ્થપાય તેનો વિરોધ કર્યો. છેવટે 'કૃષ્ણ ભજન મંડળ' નામ આપવામાં આવ્યું.

એક રાત્રે શાહપુર વડી કોટડીની પોળમાં 'કૃષ્ણ ભજન મંડળ'નો કાર્યક્રમ હતો. રાધેશ્યામ મહારાજ પણ પધારેલ. મહારાજને વંદન કરી બાલકૃષ્ણ નીચે બેસવા જતો હતો ત્યાંજ મહારાજે આગ્રહ કરી પાટ પર બેસાડયો. અંબાલાલ ભગતે મહારાજની વાતને ટેકો આપતાં કહ્યું "બાલકૃષ્ણ મહારાજ, આ વ્યાસપીઠ તમારે જ શોભાવવાની છે." રાધેશ્યામ મહારાજ વચમાં બોલ્યા," અંબાલાલભાઈ, તેમનાં ભજનની પાદપૂર્તિ "પુનિત નામથી જ સમાપ્ત થતી હોવાથી હવેથી 'બાલકૃષ્ણ મહારાજ' એવું લાંબુલચ સંબોધન કરવાને બદલે હવે 'પુનિત' નામથી જ સંબોધો. તેમનું પુનિત નામ મને બહુ ગમે છે." અને ત્યારથી બાલકૃષ્ણ બાલકૃષ્ણ મટી પુનિત બની ગયો.



# રામકૃષ્ણ કથામૃત

[ શ્રીયુત મહેન્દ્રનાથ ગુપ્ત શ્રી રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત હોઇ તેમણે જે કાંઇ નજરે જોયું અને સાંભળ્યું તે લખી રાખ્યું હતું. તેમની નિત્યનોંધને આધારે એમણે પોતે આ ગ્રંથ મૂળ બંગાળીમાં રચ્યો છે. "રામકૃષ્ણ કથામૃત" એ મહાપુરુષની નિત્યનોંધની જ દેન છે.

તેઓ ગૃહસ્થાશ્રમી છતાં વૃત્તિથી એક સંન્યાસી જેવા જ ગુણવાન અને જિજ્ઞાસુ હતા. તેઓ શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ સાહિત્યમાં કેવળ 'મ' તરીકે જાણીતા છે.

અનેક જિજ્ઞાસુઓ વખતો વખત કલકત્તાથી પાંચ-છ માઇલ દૂર આવેલા રાણી રાસમણિના કાલિમંદિરમાં રામકૃષ્ણ પરમહંસદેવ પાસે જઈ વિવિધ પ્રશ્નો પૂછીને તેમના કલ્યાણકારી ઉપદેશામૃતનું પાન કરતા. આ શિષ્યો પૈકી શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત પણ એક હતા. આપણે પણ 'અધ્યાત્મ' માં– તેમને 'મ' સંબોધનથી જ ઓળખશું. તંત્રી ]

'મ' વરાહનગરમાં પોતાની બહેનને ઘેર રહેતા. રામકૃષ્ણનાં પ્રથમ દર્શન થયાં ત્યારથી તેમનાં દર્શન માટે 'મ' આકુળ-વ્યાકુળ રહેતા. તેઓ રામકૃષ્ણદેવ માટે વિચારતા કે આ અભણ દરીદ્ર બ્રાહ્મણ આવાં મહાન સત્યો શી રીતે સમજ્યો હશે ? કઇ રીતે પોતાનું જીવન તદ્રુપ કરી શકયો હશે ? આવી સરળતાથી ગહન વિષયોને સમજાવતાં 'મ' એ આજ સુધીમાં કોઇને પણ જોયો ન હતો. કયારે તેમની પાસે જાઉં અને કયારે તેમનાં દર્શન કરું એવી જ લગની રાતદિવસ લાગી રહી હતી.

જોતજોતામાં રવિવાર આવી પહોંચ્યો. વરાહનગરના નેપાલવાળા બાબુની સાથે સાંજના ત્રણ અને ચારની વચ્ચે 'મ' દક્ષિણેશ્વર આવી પહોંચ્યો.

જુએ છે તો રામકૃષ્ણ પરમહંસ ઓરડામાં એક નાના બાજઠ પર બેઠા હતા. આખો ઓરડો લોકોથી ભરાઇ ગયો હતો. તે વખતે 'મ' કોઇને ઓળખતો ન હતો. રવિવાર હોવાથી ઘણાં ભક્તો દર્શન કરવા આવ્યા છે. 'મ' પણ એક બાજુએ બીજાઓની સાથે બેસી ગયો. પરમહંસજી હસતે મોંએ ભકતોની સાથે વાર્તાલાપ કરતા હતા. એક ઓગણીસ વર્ષના છોકરાને ઉદ્દેશીને અને તેના તરફ જોઇને પરમહંસજી ખૂબ હરખાઈ હરખાઇને વાતો કરે છે.

તેમનું નામ નરેન્દ્ર હતું. કોલેજમાં ભણતો હતો અને સાધારણ બ્રહ્મસમાજનો સભાસદ હતો. તેની વાત કરવાની રીતભાત જુસ્સાદાર અને પ્રભાવશાળી હતી. નેત્રો ઉજ્જવળ અને વિશાળ હતાં અને કાંતિ મહાન ભકત જેવી હતી.

શ્રી રામકૃષ્ણઃ-નરેન્દ્ર તું શું ધારે છે? સંસારી લોકો ઈશ્વરપરાયણ માણસોની કેટલી નિંદા કરે છે? હાથી જ્યારે જતો હોય છે ત્યારે કૂતરાં તથા બીજા જાનવરો કેવી કિકિયારી કરી મૂકે છે. પણ હાથી તો પાછળ જોતો જ નથી! તારી કોઇ નિંદા કરે તો તું શું કરે વારુ?

નરેન્દ્રઃ-હું તો એમ જ સમજું કે ભલે કૂતરાં ભસે.

રામકૃષ્ણઃ-(હસીને) નહિ રે! એટલે સુધી ન જા. (બધા હસે છે) ઈશ્વર પ્રાણીમાત્રમાં રહેલો છે. છતાં સારા માણસોની સાથે જ પરિચય રાખવો જોઈએ. નઠારા લોક સાથે બહુ સાવધાનીપૂર્વક રહેવું જોઇએ. વાઘની અંદર પણ



નારાયણ તો છે જ, પણ તેથી કાંઈ તેને આલિંગન દેવાય? (હસાહસ) કોઈ કહેશે કે વાઘમાં પણ નારાયણ તો છે તો પછી શા માટે તેને જોઇને નાસી જવું? તેનો જવાબ એ છે કે જેઓ આપણને દૂર નાસી જવાનું કહે છે તેઓમાં પણ નારાયણ છે તો પછી તેમની વાત કેમ ન સાંભળવી?

એક વાત સાંભળ. એક વનમાં એક સંત પુરુષ રહેતા હતા. તેમણે અનેક શિષ્યોને ઉપદેશ આપ્યો કે, પ્રાણીમાત્રની અંદર નારાયણનો વાસ છે એમ જાણી સર્વને નમસ્કાર કરવા. એક દિવસ તેમાંનો એક શિષ્ય હોમને માટે લાકડાં લેવા જંગલમાં ગયો. તેવામાં જ કોઈક કોલાહલ થવા લાગ્યો અને લોકો બૂમો પાડવા લાગ્યા કે, 'સૌ કોઇ નાસજો ગાંડો હાથી આવે છે, નાસજો. બધાં નાસવા લાગ્યાં પણ પેલો શિષ્ય નાઠો નહિ. તે એમ સમજતો હતો કે, હાથીમાં પણ નારાયણ છે; તો પછી શા માટે નાસવું? એમ કહીને તે રસ્તા વચ્ચે ઊભો રહ્યો અને નમસ્કાર કરીને હાથીમાં રહેલા નારાયણનું સ્તવન કરવા લાગ્યો.

મહાવત બૂમો પાડે, 'અલ્યા બ્રાહ્મણ! નાસી જા, નાસી જા,' તો પણ તે શિષ્ય ખસ્યો નહિ. છેવટે હાથીએ તેને સૂંઢ વડે પકડ્યો અને એક બાજુએ ફેંકી દઇને ચાલતો થયો. શિષ્ય બેભાન હાલતમાં પડી રહ્યો.

આ સમાચાર સાંભળી ગુરુ અને બીજા શિષ્યો તેને ઉપાડી આશ્રમમાં લાવ્યા અને દવા કરવા લાગ્યા. થોડીવાર પછી તેને ચેતન આવ્યું ત્યારે તેને કોઈએ પૂછ્યું: 'ભાઈ, હાથી આવે છે એવું જાણવા છતાં તું કેમ નાસી ન ગયો?' પેલા શિષ્યે જવાબ આપ્યો કે, ગુરુ મહારાજે મને કહ્યું હતું કે સર્વમાં નારાયણ છે; તેથી હાથીમાં રહેલા નારાયણ આવે છે

એમ જાણીને હું ત્યાં જ ઉભો રહ્યો. ત્યારે ગુરુએ તેને કહ્યું : 'બાપુ! હાથી નારાયણ છે એ વાત તો ખરી, પણ મહાવત-રૂપી નારાયણે તને નાસી જવા કહ્યું તે વાત તેં કેમ ન માની? સર્વ નારાયણ સ્વરૂપ છે, ત્યારે મહાવતરૂપી નારાયણની વાત પણ સાંભળવી જોઈતી હતી ને? (હસાહસ)

શાસ્ત્રમાં કહ્યું છે કે, 'आपो नारायणः–જળ નારાયણ છે' પણ એક જળ દેવસેવામાં વપરાય છે, બીજું જળ વાસણ માંજવામાં કે કપડા ધોવામાં જ વપરાય છે, પણ પીવામાં કે દેવસેવામાં વપરાતું નથી. તેમ સાધુ, અસાધુ, ભક્ત અને ભક્તિવિમુખ સર્વના હૃદયમાં નારાયણનો સામાન્ય વાસ તો છેજ, પણ તેથી કાંઇ અસાધુ અને ભક્તિવિમુખ દુષ્ટ લોકોની સાથે વ્યવહાર રખાય નહિ. તેમની સાથે ગાઢ સંબંધ બંધાય નહિ. કોઇની સાથે સહજ વાતચીત કરી શકાય તો કોઈની સાથે તે પણ કરી શકાય નહિ. એવા લોકની પાસે ન રહેતાં દૂર રહેવું જ સારું.

જમાનાથી રંગાશો નહિ, જમાનાને રંગો.

ધાવણના સંસ્કાર એજ પાયાના સંસ્કાર.

યૌવનના રંગ મેઘધનુષ્ય જેવા મોહક અને ક્ષણીક છે.

સળગતા સંસારમાં શાંતિ આપનાર "હરિસ્મરણ અને કથા શ્રવણ" એજ છે.

દેહના ખોરાક માટે હજારો ખર્ચો છો, આત્માના ખોરાક માટે પાંચ પચાસેય ખર્ચો છો ખરા?

સંસારમાં મન નથી, તો ઘર તપોવન છે.



(પાના ૮ નું અનુસંધાન)

વળી શું ગરમ લાગે? પણ સગડી એમ કહી વિનોદ કરે છે. પછી ગરમ તપેલી અંદર મૂકી દેવામાં આવે છે. ફરી પાછો મોસંબીનો રસ કાઢીને મૂકવામાં આવે છે.

શ્રી નારાયણભાઈ, સરસ્વતીબેન, અજય પ્રણામ કરીને વિદાય થાય છે. શ્રી નારાયણભાઇ આજે 'या देवी सर्वभूतेषु सेवा रुपेण संस्थिताम्' શ્લોક બોલીને પ્રણામ કરીને વિદાય લે છે.

આજની નોંધ સૌથી ટૂંકી છે. ખાસ મહત્ત્વના કોઇ વાર્તાલાપો થયા નહીં. આજે અમારા પ્રેમી યજમાન શ્રી જીતુભાઈ ગાંધી વડોદરા જવા વિદાય થયા. શ્રી જીતુભાઇ પૂ. શ્રીને માતાજીને ત્યાં લઇ જવા આવ્યા હતા–તન, મન, ધનથી અનન્ય સેવા કરી શકે એવા એ પ્રેમી ભકત પુરુષ છે, પણ સંજોગો એવા છે કે હાલ એવી મુસાફરી શકય નથી. પછી જોઇશું' એમ કહી પૂ. શ્રીએ તેમને આશ્વાસન આપ્યું.

આજની નોંધ ગુરુદેવ પ્રભુના શ્રી ચરણોમાં માનસિક પ્રણામ કરીને પૂર્ણ કરું છું.

હરિઃ ૐ, હરિઃ ૐ, હરિઃ ૐ.

**ભાદરવા સુદ પાંચમ–૨૦૩૬ તા. ૧૪–૯–૮૦ રવિવાર.**

આજે સવારથી જ માતાજી જાગ્યાં એટલે છેક સાડા નવે માતાજીની સેવામાં સ્નાન વિગેરેમાં સમય પસાર થઇ ગયો. ડોકટરોની સારવાર ચાલુ છે ફેર પડતો નથી. જેથી પરમ-શકિતની આજ્ઞા લઇને આવતીકાલે હોસ્પિટલમાં દાખલ કર-વાની વાત નિશ્ચિત થાય છે.

બપોરે ૧૧ વાગ્યે શ્રી ભાઇલાલભાઇ માતાજીને મળવા

આવ્યા છે. માતાજી તંદ્રામાં રહેતાં હોવાથી વાતચીત ન થઈ, ફક્ત દર્શન થયાં.

પૂ. શ્રીએ હૉસ્પિટલમાં જવા માટેની તૈયારી અંગે સૂચના આપી. આજે સત્સંગનો છેલ્લો દિવસ છે.

આજે ફગવાડા શેરીના સનાતન હિન્દુ સભાના પ્રમુખની વાતો, નિલકંઠ મહાદેવના હરિજન સંતોની વાતો કરી.

આજે શ્રી નારણભાઈની સૂચનાથી મારે પણ પૂ. શ્રીના વ્યક્તિત્વના વિવિધ પાસાઓ પર બોલવાનું બન્યું.

આવતીકાલથી હોસ્પિટલમાં જવાનું હોવાથી નોંધનું લેખન બંધ કરવાનો વિચાર પૂ. શ્રી આગળ વ્યક્ત કર્યો, તો પૂ. શ્રીએ કહ્યું, "કંઈક મહત્ત્વનું લાગે તો નોંધ કરવી. બંધ ન કરો. બધા દિવસોની જેમ આજે સામાન્ય વાતોથી દિવસ પૂર્ણ થયો.

આજે માતાજીને કેરીનો રસ ને સફરજનનો રસ આપવામાં આવ્યો, પણ બન્ને ન ભાવ્યાં. ખોરાક બંધ છે. રાત્રે છેક દસ વાગ્યે એક ડૉક્ટરે વિઝીટ લીધી. હોસ્પિટલમાં પ્રવેશની ચીઠ્ઠી લખી આપી.

સાડા દસ થયા બંને આરામ કરે છે. હરિ ૐ.

—※—

માનવ સૃષ્ટિપર સુખની સ્થાપના ઐકયતા દ્વારાજ થશે.
શાંતિ એટલે ઇન્દ્રિયોની વાસનામય ક્રિયાઓનો ત્યાગ.
લાલચમાં લપટાશો તો ફસાવાનો ભય રહેશે.
પ્રારબ્ધનો સંબંધ ભોગની સાથે છે, ભક્તિ સાથે નહિ.



# આચમન

જ્યોત્સ્ના ત્રિવેદી

પૂ. માશ્રી સર્વેશ્વરી જ્યાં હોય ત્યાં સત્સંગની ને ધર્મ-લાભની સરિતાજ હોય પરંતુ જેઓ સરિતાના કાંઠે જાય તેમને જ તેમાં નીરના જલપાનનો લાભ મળે. પરંતુ જેઓ દૂર છે, તેમનું શું? ભલે આપણે એમને પેટ ભરીને જલ-પાન ન કરાવી શકીએ, કિન્તુ એ સત્સંગ સરિતાનું આચમન તો કરાવી શકીએ. મારો એવોજ એક અહીં નમ્ર પ્રયાસ છે.

શ્રી માનું ૨૬ મી ફેબ્રુઆરીએ મુંબઇ નગરીમાં આગમન થયું. જે ભૂમિમાં પૂ. શ્રીએ સાધનાત્મક જીવનમાં પગલાં માંડ્યાં, વિદ્યાભ્યાસ કર્યો, અને છેવટે દેહ વિલય પણ કર્યો, તેજ આ ભૂમિ. આ સ્થળમાં શ્રીમા પધારે ત્યારે તેનો ભક્ત સમુદાય ભક્તિને હિલોળે ચઢે અને શ્રીમા પ્રેમથી તેને નવરાવે તેમાં નવાઇ શી?

શ્રી માના આગમન પછી વિધિવત્ આરતી પૂજન અર્ચન થાય છે. સહુ છૂટા પડે છે. રાત્રે ઘરના સભ્યો સાથે એક બેઠક થાય છે તેની અંદર માનું વાચન સાધનાત્મક જીવન અને તેમના સમર્પણની કેટલીક વિશિષ્ટતાઓની વાતચીત થાય છે.

ત્યાર પછી એકાદ દિવસની તૈયારી બાદ પૂ. શ્રીમા મહારાષ્ટ્રની યાત્રાએ નીકળે છે. વહેલી સવારે યાત્રાએ જતાં પહેલાં સંસારીઓ જેની પાછળ સહુથી ઓછો સમય આપતાં હોય છે તે પ્રભુની પાછળ શ્રીમા સૌથી વધુ સમય આપે છે. એની સુંદર પ્રાર્થના કરે છે, ગુરુવંદના કરે છે અને છેવટે યાત્રા નિર્વિઘ્ને પાર પડે તે માટે પ્રભુની સહાય માગે છે.

યાત્રા પૂર્ણ થયા પછી શ્રીમા પધારે છે. એના રસિક અનુભવોની વાત કરે છે. નિશ્ચિત સમયમાં અને નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ કરાવવા માટે પ્રભુનો પાડ માને છે, એકસો આઠ દંડવત્‌નો અર્ઘ્ય ધરે છે.

૧૩ મી માર્ચે અનિલભાઈના પુત્રના યજ્ઞોપવિત સંસ્કાર સમયે શ્રીમાનું અને પ્રભુનું વિધિવત્ પૂજન થાય છે. ઘણા ભક્તોની દર્શનની ભાવના તે દિવસે પૂ. મા પૂર્ણ કરે છે.

બાકીના દિવસોમાં શ્રી મા શિબિરની તૈયારીઓ અંગે માર્ગદર્શન કરે છે. ૧૭ મીની રાત્રે માને તુકારામ ગાથા પ્રાપ્ત થાય છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાની માની ઝંખના આપણા કરતાં વિલક્ષણ છે. અને એઓ એ માટે એવા પ્રયત્નો કરે કે સજીવ કે નિર્જીવને પધાર્યા સિવાય છૂટકો જ નહીં ? જાણે પથ્થરમાં પણ પ્રાણ પ્રગટાવવાની ક્રિયા. તેની પ્રાપ્તિનો અનન્ય આનંદ એક નિર્દોષ શિશુ સહજ તેઓના મુખમંડળ ઉપર અભિવ્યક્ત થતો દેખાઈ આવે છે.

૧૮ મી માર્ચે પૂજ્યશ્રીની પાંચમી પુણ્યતિથિએ પૂજ્ય શ્રીએ જ્યાં પાર્થિવ લીલા સંકેલી લીધી હતી તે પવિત્ર સ્થળે સાધનાત્મક શિબિરનો શુભારંભ થાય છે. ત્યાર બાદ શ્રી મા આ પવિત્ર સ્થળે પોતાના જીવનમાં ખાસ કરીને સાધનાત્મક જીવનમાં જે નવો વળાંક આવ્યો તેનો ઉલ્લેખ કરે છે. પ્રભુને પ્રાર્થના કરે છે. શ્રી મા ત્યાર પછી સહુને ૧૫ મિનિટનું ધ્યાન કરાવે છે. ત્યારે માનું સ્વરૂપ સંપૂર્ણ પણે દેદીપ્યમાન બની જાય છે. આ શરીરને આટલી તેજસ્વીતા-વાળું પહેલાં ક્યારેય જોયું નથી, જાણે સાક્ષાત્ તેજપુંજ શરીર ધારણ કરીને બેઠો હોય તેવું તે લાગે છે.

ત્યાર બાદ વિડિયો કેસેટનો શો થાય છે. પૂ. શ્રી ની દક્ષિણ આફ્રિકાના પુણ્ય પ્રવાસ સમયની કેસેટ બતાવવામાં



આવે છે. જે ખરેખર ખૂબ સુંદર છે. પૂ. શ્રીની સ્ટેજ ઉપર જીવંત ઉપસ્થિતિ હોય એવું સાધકોને લાગે છે.

બપોરની બેઠકમાં ગીતા પાઠ થાય છે. વકતાઓના ઉદ્‌-બોધનમાં શ્રી નારાયણભાઈ જાનીનું ઉદ્‌બોધન ખૂબ ભાવવાહી અને અસરકારક હતું. તેઓએ કહ્યું કે હજી ગઈ ફેબ્રુઆરીની ૧૬ તારીખે તો અમે હોસ્પીટલના બિછાને હતા. ઊભા પણ થવાતું ન હતું. પૂ. ગુરુદેવની કેવી કૃપા કે અમને એટલું આરોગ્ય પ્રાપ્ત થયું કે આજે આ કાર્યક્રમમાં ઉપસ્થિત થઈ શકયા !

“ગંભીર માંદગીના એક તબક્કે મૃત્યુ નજીક જણાયું. પરંતુ તેનો કોઈ ભય ન હતો. આ શરીર પ્રત્યે શ્રી કાગ ભૂષંડજીની જેમ મમત્વ એટલા માટે હતું કે તે પૂ. ગુરુદેવનો પવિત્ર સ્પર્શ પામેલું ને એ દ્વારા જ થોડી ઘણી આધ્યા-ત્મિક સમજ પ્રાપ્ત થયેલી. એટલે એના દ્વારા પૂ. મા-પ્રભુના જેટલા વધુ ગુણાનુવાદ ગવાય એટલું સારૂં.”

પૂ. શ્રીની સાધનાની વિશેષતાનો ઉલ્લેખ કરી તેઓએ કહ્યું, “દુનિયાના આધ્યાત્મિક ઇતિહાસમાં એવો એકેય સંત પુરુષ બતાવો જેમણે પોતાના ઇષ્ટને મનુષ્યરૂપમાં સાકારરૂપે પ્રકટાવવા સાધના કરી હોય ? પૂ શ્રીએ એ કરી બતાવ્યું અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પ્રાકટ્યમાં કોઈ શંકા ના કરે, માટે તો “મા સર્વેશ્વરી—એક પરિચય” ગ્રંથની રચના કરી, એક મહત્ત્વના દસ્તાવેજરૂપે મૂકતા ગયા. પરંતુ માયાનો પ્રભાવ તો જુઓ કે મા જગદંબા સ્વયં–મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપમાં વિચરી રહ્યાં છે છતાં કેટલા એમને ઓળખી શકે છે ?”

પૂ. શ્રીનું જીવન એટલે મનુષ્યના સર્વોત્તમ ગુણોનો સમુચ્ચય. જેમ એક માળી પોતાના બગીચાનાં સર્વશ્રેષ્ઠ

સુગંધી ફૂલોનો ગુચ્છ બનાવે એવું. એમાં જ્ઞાન, ભક્તિ ને યોગ સાથે અનાસક્તિપૂર્વકનો કર્મયોગ પણ જોવા મળે. બહુજ ઓછા માનવોમાં આવો ગુણોનો સુભગ સમન્વય દુનિયામાં જોવા મળ્યો છે. એથી એમના જીવનમાંથી દરેકને કંઈ ને કંઈ મળી રહેશે. એથી એમના જીવનમાંથી ઉર્ધ્વ-ગામી કરતા ઉપદેશનું આપણા જીવનમાં આચરણ એજ એમને માટેની શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ હોઈ શકે.

શ્રી હરગોવિંદભાઇ ભટ્ટે પણ પૂ. શ્રીના આધ્યાત્મિક સાહિત્યમાંથી ઘણું ઘણું મળી શકે એમ છે તેનો લાભ લેવા સાધકોને અનુરોધ કર્યો હતો.

વડોદરાના શ્રી વિજયસિંહ રાણાએ પૂ. શ્રીના પ્રેમમય વ્યવહારની ને તેઓએ ધ્યાન સાધનાની સૂચવેલ પ્રણાલિની સરાહના કરી હતી.

શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ જણાવ્યું કે શ્રી મા એટલે મહાત્મા શ્રી યોગેશ્વરજીની સાધનાનો પરિપાક. પૂ. શ્રી માનું જીવન એટલે ગુરુભક્તિની ઉત્તમ પ્રણાલિ. પૂ. મા કદીક કોઇકને સેવા આપે તો રખે માનતા એમને એની જરૂર છે. એમને કશાની જરૂર નથી. તે સ્વયં આત્મનિર્ભર છે. પરંતુ કોઇ જીવના કલ્યાણ માટે અનુગ્રહ કરી સેવા આપે. પૂ. માનું સમગ્ર જીવન એટલે તપ, ગુરુભક્તિ, અનાસક્તિ છતાં કરૂણા ને દયાના પાઠોની શિક્ષાનો સર્વોત્તમ આદર્શ.

સુરતના પીઠ સાધક શ્રી ઈશ્વરભાઇ કડીવાલાએ કહ્યુ કે પૂ. માના આધ્યાત્મિક વિકાસના આપણે સહુ સાક્ષી છીએ. પુરુષાર્થ ગુરુભક્તિ ને સમર્પણથી તેઓ આજે આ સ્થિતિએ પહોંચ્યાં છે. તેઓના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ આપણું જીવન ઉન્નત કરી શકીએ.

—*—



# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા)

'રામના સહવાસમાં હું વનમાં સ્વર્ગ કરતાં પણ વિશેષ સુખનો સ્વાદ માણી રહી છું. રામના નયન મનોહર મુખમંડળને નિહાળીને મારો આત્મા આનંદથી નાચી ઉઠે છે. એમનો સુધામય સ્વર સાંભળીને મારું જીવન ધન્યતાનો અનુભવ કરે છે. એમની દૃષ્ટિ મારી દૃષ્ટિમાં મળે છે, ત્યારે મને મારું શરીર ધારણ સફળ કે સાર્થક લાગે છે, રામનું નામ તો મધુર છે જ પરંતુ બીજું બધું જ મધુર. એવા અસાધારણ પુરુષની અર્ધાંગિની થવામાં મહાન ગૌરવનો અનુભવ થાય છે.'

જયંતની ધીરજ ખૂટી ગઇ એટલે એ 'ત્યારે તું નહિ માને?'

'ના'

'મેં તને સુખી કરવા માટે સરસ પ્રસ્તાવ મૂકયો ત્યારે તું રામનું સ્તવન સંભળાવવા માંડી. મારે એ સ્તવન નથી સાંભળવું. રામ તારાથી દૂર હશે ત્યારે હું તારું હરણ કરી જઈશ. પછી જોઈશ કે રામનો પ્રતાપ કેવો છે! અત્યારે તો મારા એ વિચારને પડતો મૂકીને તને મારી શક્તિનો સાધારણ પરચો બતાવું છું ને જોઉ છું કે રામ મને શું કરે છે?

એવું કહીને જયંત કાગડાનું સ્વરૂપ ધારણ કર્યું.

સીતાએ એને જોઈને કહ્યું : 'તારી વૃત્તિ કાગડા જેવી જ છે એટલે તને બીજા કોનું રૂપ પસંદ પડે? કાગડાનું રૂપ જ તારે માટે વધારે અનુકૂળ છે, એટલે તું એને જ ધારણ કરવાનો. તું કાગડો બનીને જન્મ્યો હોત તો જરા પણ ખોટું ન હતું. વિધાતાની કોઈ ભૂલ થઇ લાગે છે કે તને કાગડો ન કર્યો અને સ્વર્ગમાં દેહ ધર્યો.'

જયંતે કાગડાનું રૂપ લઈને સીતાના સુકોમળ ચરણ પર ચાંચ મારવા માંડી.

કઠોર ચાંચના વારંવારના પ્રહારોથી સીતાના સુમન કરતાંયે વધારે સુવાસિત અને સુકોમળ ચરણમાંથી લોહીની ધારા નીકળવા લાગી.

સીતાએ એના વર્તનથી રોષે ભરાઈને કહ્યું : 'અરે દુષ્ટ, તું આથી વધારે ખરાબ બીજું શું કરવાનો હતો ? તું અસંત અધમ નીકળ્યો ! હમણાં રામને જગાડું પછી જોઇ લેજે કે તારી શી દશા થાય છે.'

એટલામાં તો રામ જાગી ઉઠ્યા.

સીતાના ઉચ્ચ સ્વરે બોલાયલા રોષભર્યા 'શબ્દોએ તો એમને જગાડ્યા જ, પરંતુ સાથે સાથે એના ચરણમાંથી નીકળતી લોહીની ધારાએ પણ એમને જગાડવામાં ઓછો ભાગ ના ભજવ્યો.

સીતાએ એમને સઘળી પરિસ્થિતિથી પરિચિત કર્યા એટલે એમને એનો પાર પામતાં વાર ના લાગી.

એમણે નિર્લજ્જ બનીને ઉડતા ને ચંચુપ્રહાર કરતા જયંત તરફ તીર તાક્યું.

જયંતે ઉડીને દૂર નાસી જવાનો ઘણોયે પ્રયાસ કરી જોયો પરંતુ એ ફાવી ના શક્યો.

રામના ધનુષ્યમાંથી છૂટેલા તીરે એને પોતાના પાશમાં બાંધી, પરવશ કરીને, પૃથ્વી પર આણ્યો.

એજ વખતે ગભરાયેલા જયંતે કાગડાનું રૂપ છોડી દઇને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.

રામની આગળ ઉભા રહીને હાથ જોડીને એણે પોતાના કુકર્મને માટે માફી માગી એટલે સીતાએ એને કહ્યું : (ક્રમશઃ)

—*—

(સદ્દભાવભરી ભેટ ચાલુ)

૫૧ ચિ. કીર્તનકુમાર પ્રભુદાસ હળવદિયાના પાંચમા જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી અનિલભાઇ હરગોવિંદભાઈ ભટ્ટ, મુંબઇ. ચિ. વૈભવના યજ્ઞોપવિત નિમિત્તે.

૨૫ ,, બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૫૧ ભાવનગરના એક સાધકભાઇ તરફથી.

૨૧ શ્રી અજયભાઇ જાની, ભાવનગર.

૨૧ ,, ભાલચંદ્ર ઝીણાભાઇ પાઠક, વ્યારા.

૨૧ ,, દેવાભાઇ હેમાભાઇ, પાલનપુર.

૨૨ ,, વિમળાબેન રસિકલાલ રાવલ.

૫૦ ,, રામદાન નારણદાન મીસણ (ગઢવી) મોરબી

૧૦૧ ,, ડો. જયંતીલાલ એમ. શાહ, વડોદરા.

૫૧ ,, મનુબેન મોહનભાઇ, સુરત.

૫૦ મહંત શ્રી શિવગિરિજી, મેસવાણ.

૧૧ શ્રી ઠાકોરભાઇ દેસાઇ, સુરત.

૫૧ ,, રમેશભાઈ, સુરત.

૧૧ ,, જયંતીલાલ મોહનલાલ દવે, મોરબી.

૨૫ ,, પૂજાબેન જયસ્વાલ, મોરબી. મોતિયાના સફળ ઓપરેશન નિમિત્તે.

૨૧ શ્રીમતી કુંદનબેન પ્રદીપભાઇ ભટ્ટ, મુંબઇ તરફથી બેન પ્રીતિના લગ્ન નિમિત્તે.

૫૦ શ્રીમતી કાન્તાબેન કાકા, વડોદરા.

૧૧ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.

૫૧ ,, જમનાદાસ ઠાકરસી, ખોરાસાગીર.

૫૧ ,, મંગળભાઇ પંચાલ, અમદાવાદ.

૨૫ ,, રમાબેન કલોલા તરફથી–માંદગીમાંથી સાજા થતાં.

# ચિત્તશુદ્ધિ

સંસારનો, કામિની-કાંચનનો ને માન-પ્રતિષ્ઠાનો મોહ છોડીને જેમણે પોતાનું જીવન ઈશ્વરપરાયણ કર્યું છે ને તે વાટે પરમ શાંતિ મેળવી છે એવા મહાપુરુષોના જીવનનું વારંવાર મનન કરવું જોઇએ. આથી પરાભક્તિ (જેમાં પ્રેમ ને આંસુનો સમાવેશ છે તે) નો વિકાસ થાય છે, છતાં આંસુને તથા પોકારોને જ સર્વસ્વ માની લેવાની જરૂર નથી.

વિરહને ને વ્યાકુળતાને જ આખરી સ્થિતિ સમજી બેસી રહેવાનું નથી. પરાભક્તિ સાથે સાથે દિવ્ય દૃષ્ટિ પણ પ્રકટવી જોઇએ. જે ગોપીઓ શ્યામને માટે રોતી ને કકળતી હતી તે તેના દિવ્ય સ્વરૂપનું સ્થળે સ્થળે દર્શન પણ કરતી હતી. સારાયે જગતને તેનું પ્રકટ રૂપ પણ સમજતી હતી. આવી દિવ્યાનુભૂતિ પવિત્ર હૃદય વિના શકય નથી ને તે જ સાધનાનું સર્વસ્વ છે.

વિધિ ને ક્રિયાઓ તો સર્વ બહિરંગ છે. પરંતુ ચિત્તશુદ્ધિથી જ આ આંતરિક પરમપાવનની સ્થિતિ પ્રાપ્ત થાય છે. એમાં ભલે પ્રારંભમાં આંસુ ને વ્યાકુળતા થાય પણ હૃદયમાં એક પ્રકારનો આનંદ હંમેશાં રહે છે. કેમકે પ્રીતમના મિલનનો નશો સારાયે જીવનમાં વ્યાપ્ત થઇ તેને કૃતકૃત્ય કરી દે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.